સભાગૃહમાં રજૂ થયા તારીખ–૨૧/૦૯/૨૦૨૨

सत्यमेव जयते

# જાહેર હિસાબ સમિતિ

# ચૌદમી ગુજરાત વિધાનસભા
# ચોથો અહેવાલ

**સન ૨૦૦૮–૦૯ના વર્ષના વિનિયોગ હિસાબો અને નાણાકીય હિસાબો પરનો અહેવાલ તથા તે પરના સી.એ.જી.ના ઓડિટ અહેવાલો (મુલ્કી અને મહેસૂલ પ્રાપ્તિ) પરનો અહેવાલ**

**(ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત)**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
વિઠ્ઠલભાઈ પટેલ ભવન,
ગાંધીનગર

**સભાગૃહમાં રજૂ થયા તારીખ–૨૧/૦૯/૨૦૨૨**

सत्यमेव जयते

# જાહેર હિસાબ સમિતિ

# ચૌદમી ગુજરાત વિધાનસભા
# ચોથો અહેવાલ

**સન ૨૦૦૮–૦૯ના વર્ષના વિનિયોગ હિસાબો અને નાણાકીય હિસાબો પરનો અહેવાલ તથા તે પરના સી.એ.જી.ના ઓડિટ અહેવાલો (મુલ્કી અને મહેસૂલ પ્રાપ્તિ) પરનો અહેવાલ**

**(ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત)**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
વિઠ્ઠલભાઈ પટેલ ભવન,
ગાંધીનગર

Hb-309-300-09-2022-SIS-10

©

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

## જાહેર હિસાબ સમિતિ
(સન ૨૦૨૨-૨૩)

**પ્રમુખશ્રી**

શ્રી પૂંજાભાઇ વંશ

**સભ્યશ્રીઓ**

શ્રી બળદેવજી ઠાકોર
શ્રી કનુભાઈ પટેલ
શ્રી રાકેશભાઇ શાહ
શ્રી અરવિંદકુમાર પટેલ
શ્રી ગોવિંદભાઇ પટેલ
શ્રી ભગાભાઇ બારડ
શ્રી વિરજીભાઇ ઠુમ્મર
શ્રી આત્મારામ પરમાર
શ્રી અમિત ચાવડા
શ્રી જીતેન્દ્ર સુખડીઆ
શ્રી યોગેશ પટેલ
શ્રી વિવેક પટેલ
શ્રી ઇશ્વરભાઇ પરમાર
શ્રી રમણલાલ પાટકર

## ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ
શ્રી સી.બી.પંડ્યા, નાયબ સચિવ
શ્રી એમ. એચ. કરંગીયા, નાયબ સચિવ
શ્રી ડી.એ.ચૌધરી, ઉપસચિવ
શ્રી નિરજ ગામીત, શાખા અધિકારી

## જાહેર હિસાબ સમિતિ
## (સન ૨૦૨૧-૨૨)

### પ્રમુખશ્રી

શ્રી પૂંજાભાઇ વંશ

### સભ્યશ્રીઓ

ડૉ. આશાબેન પટેલ
ડૉ. અનિલ જોષિયારા
શ્રી બળદેવજી ઠાકોર
#શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ
શ્રી રાકેશભાઇ શાહ
શ્રી અરવિંદકુમાર પટેલ
*શ્રી પ્રદિપભાઇ પરમાર
શ્રી ગોવિંદભાઇ પટેલ
શ્રી ભગાભાઇ બારડ
શ્રી વિરજીભાઇ ઠુમ્મર
શ્રી આત્મારામ પરમાર
શ્રી જીતેન્દ્ર સુખડીઆ
શ્રી યોગેશ પટેલ
શ્રી વિવેક પટેલ
શ્રી ઇશ્વરભાઇ પરમાર
*શ્રી નરેશભાઇ પટેલ
શ્રી રમણલાલ પાટકર,

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ
શ્રી એ. બી. કરોવા, નાયબ સચિવ
શ્રી સી.બી.પંડ્યા, નાયબ સચિવ
શ્રી એમ. એચ. કરંગીયા, ઉપસચિવ-નાયબ સચિવ
શ્રી ડી.એ.ચૌધરી, ઉપસચિવ
શ્રી નિરજ ગામીત, શાખા અધિકારી

#તા.૧૬/૦૯/૨૦૨૧ના રોજથી મુખ્યમંત્રીશ્રી તરીકે નિમણૂંક થતાં સભ્યશ્રી તરીકે રહેતા નથી.

* તા.૧૬/૦૯/૨૦૨૧ના રોજથી મંત્રીશ્રી તરીકે નિમણૂંક થતાં સભ્યશ્રી તરીકે રહેતા નથી.

# જાહેર હિસાબ સમિતિ
## (સન ૨૦૨૦-૨૧)

**પ્રમુખશ્રી**

શ્રી પૂંજાભાઇ વંશ

**સભ્યશ્રીઓ**

શ્રી ઋષિકેશભાઇ પટેલ
ડૉ. અનિલ જોષિયારા
શ્રી બળદેવજી ઠાકોર
શ્રી કિશોર ચૌહાણ
શ્રી સુરેશભાઇ પટેલ
શ્રી બાબુભાઇ પટેલ
શ્રી રાઘવજીભાઇ પટેલ
શ્રી વિક્રમભાઇ માડમ
શ્રી વિરજીભાઇ ઠુમ્મર
શ્રી રાજેન્દ્રસિંહ પરમાર
શ્રીમતી મનીષા વકીલ
શ્રીમતી સંગીતાબેન પાટીલ
શ્રી નરેશભાઇ પટેલ
શ્રી કનુભાઇ દેસાઇ

## ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ
શ્રી એ. બી. કરોવા, નાયબ સચિવ
શ્રી એમ. એચ. કરંગીયા, ઉપસચિવ
શ્રી નિરજ ગામીત, શાખા અધિકારી

## જાહેર હિસાબ સમિતિ
## (સન ૨૦૧૯–૨૦)

### પ્રમુખશ્રી

શ્રી પૂંજાભાઇ વંશ

### સભ્યશ્રીઓ

શ્રી બળદેવજી ઠાકોર
શ્રી રાકેશભાઇ શાહ
શ્રી જગદીશ વિશ્વકર્મા
શ્રી ગોવિંદભાઇ પટેલ
શ્રી વિક્રમભાઇ માડમ
શ્રી કેશુભાઇ નાકરાણી
શ્રી રાજેન્દ્રસિંહ પરમાર
શ્રી નિરંજન પટેલ
શ્રી સી. કે. રાઉલજી
શ્રી મોહનસિંહ રાઠવા
શ્રી જીતેન્દ્ર સુખડીઆ
શ્રી દુષ્યંતભાઇ પટેલ
શ્રી પુર્ણેશ મોદી
શ્રી પિયુષભાઇ દેસાઇ

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ
શ્રી એ. બી. કરોવા, નાયબ સચિવ
શ્રીમતી ડી. બી. શાહ, ઉપસચિવ
શ્રી નિરજ ગામીત, શાખા અધિકારી

## જાહેર હિસાબ સમિતિ
## (સન ૨૦૧૮-૧૯)

### પ્રમુખશ્રી

શ્રી પૂંજાભાઇ વંશ

### સભ્યશ્રીઓ

શ્રી અલ્પેશ ઠાકોર
ડૉ. અનિલ જોષિયારા
શ્રી બળદેવજી ઠાકોર
શ્રી રાકેશભાઇ શાહ
શ્રી જગદીશ પંચાલ
શ્રી ગોવિંદભાઇ પટેલ
* શ્રી કુંવરજીભાઇ બાવળિયા
શ્રી કેશુભાઇ નાકરાણી
શ્રી રાજેન્દ્રસિંહ પરમાર
શ્રી નિરંજન પટેલ
શ્રી સી. કે. રાઉલજી
શ્રી જીતેન્દ્ર સુખડીઆ
શ્રી દુષ્યંતભાઇ પટેલ
શ્રી પિયુષભાઇ દેસાઇ

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ
શ્રી એ. બી. કરોવા, નાયબ સચિવ
શ્રીમતી ડી. બી. શાહ, ઉપસચિવ
શ્રી નિરજ ગામીત, શાખા અધિકારી

*તા.૦૩/૦૭/૨૦૧૮ના રોજથી મંત્રીશ્રી તરીકે નિમણૂંક થતા સભ્યશ્રી તરીકે રહેતા નથી.

## જાહેર હિસાબ સમિતિ
## (સન ૨૦૧૭-૧૮)

### પ્રમુખશ્રી

શ્રી શક્તિસિંહ ગોહિલ

### સભ્યશ્રીઓ

શ્રી પરબતભાઈ પટેલ
શ્રી બળદેવજી ઠાકોર
શ્રી રાકેશભાઈ શાહ
શ્રી જગરૂપસિંહ રાજપૂત
શ્રી ભૂષણભાઇ ભટ્ટ
શ્રી શૈલેષભાઇ પરમાર
શ્રી રજનીકાંત પટેલ
શ્રી બાવકુભાઇ ઉંધાડ
શ્રી જીતેન્દ્રભાઇ વાઘાણી
શ્રી રામસિંહ પરમાર
શ્રી મોહનસિંહ રાઠવા
શ્રી જીતેન્દ્ર સુખડીઆ
શ્રી દુષ્યંતભાઇ પટેલ
શ્રી રણજીતભાઇ ગીલીટવાલા

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ
શ્રી એમ. એમ. પરીખ, નાયબ સચિવ
શ્રીમતી ડી. બી. શાહ, શાખા અધિકારી

# જાહેર હિસાબ સમિતિ
## (સન ૨૦૧૬–૧૭)

## પ્રમુખશ્રી

શ્રી શક્તિસિંહ ગોહિલ

## સભ્યશ્રીઓ

શ્રી પરબતભાઈ પટેલ
શ્રી બળદેવજી ઠાકોર
શ્રી રાકેશભાઈ શાહ
શ્રી જગરૂપસિંહ રાજપૂત
શ્રી ભૂષણભાઈ ભટ્ટ
શ્રી શૈલેષભાઈ પરમાર
શ્રી રજનીકાંત પટેલ
શ્રી બાવકુભાઈ ઉંઘાડ
શ્રી જીતેન્દ્રભાઈ વાઘાણી
શ્રી રામસિંહ પરમાર
શ્રી મોહનસિંહ રાઠવા
શ્રી જીતેન્દ્ર સુખડીઆ
શ્રી દુષ્યંતભાઈ પટેલ
શ્રી રણજીતભાઈ ગીલીટવાલા

## ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ
શ્રી એમ. એમ. પરીખ, નાયબ સચિવ
શ્રીમતી ડી. બી. શાહ, શાખા અધિકારી

## જાહેર હિસાબ સમિતિ
## (સન ૨૦૧૫–૧૬)

### પ્રમુખશ્રી

શ્રી શક્તિસિંહ ગોહિલ

### સભ્યશ્રીઓ

શ્રી રમેશ મહેશ્વરી
શ્રી પંકજ મહેતા
શ્રી પરબતભાઇ પટેલ
શ્રી ઋષિકેશ પટેલ
શ્રી બળદેવજી ઠાકોર
શ્રી રાકેશભાઈ શાહ
શ્રી ભૂષણભાઇ ભટ્ટ
શ્રી શૈલેષભાઇ પરમાર
શ્રી રજનીકાંત પટેલ
શ્રી જીતેન્દ્રભાઇ વાઘાણી
શ્રી રામસિંહ પરમાર
શ્રી મોહનસિંહ રાઠવા
શ્રી દુષ્યંતભાઇ પટેલ
શ્રી રણજીતભાઇ ગીલીટવાલા

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ
શ્રી એમ. જે. પરમાર, અધિક સચિવ
શ્રી એમ. એમ. પરીખ, નાયબ સચિવ
શ્રીમતી રીટા મહેતા, નાયબ સચિવ
શ્રીમતી ડી. બી. શાહ, શાખા અધિકારી

## જાહેર હિસાબ સમિતિ
## (સન ૨૦૧૪-૧૫)

### પ્રમુખશ્રી

શ્રી શક્તિસિંહ ગોહિલ

### સભ્યશ્રીઓ

*શ્રી વાસણભાઇ આહિર
શ્રી રમેશભાઇ મહેશ્વરી
શ્રી પરબતભાઇ પટેલ
શ્રી બળદેવજી ઠાકોર
શ્રી ભૂષણભાઇ ભટ્ટ
શ્રી શૈલેષભાઇ પરમાર
શ્રી રજનીકાંત પટેલ
શ્રી જીતેન્દ્રભાઇ વાઘાણી
શ્રી રામસિંહ પરમાર
શ્રી મોહનસિંહ રાઠવા
શ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી
શ્રી દુષ્યંતભાઇ પટેલ
શ્રી પ્રફુલભાઇ પાનશેરીયા
શ્રી રણજીતભાઇ ગીલીટવાલા

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ
શ્રી એમ. જે. પરમાર, અધિક સચિવ
શ્રી એ.બી.કરોવા, ઉપસચિવ
શ્રીમતી રીટા મહેતા, ઉપસચિવ
શ્રી કે.જે.ભટ્ટ, ઉપસચિવ
શ્રીમતી ડી. બી. શાહ, શાખા અધિકારી

*તા.૧૧/૧૧/૨૦૧૪ના રોજથી સંસદીય સચિવ તરીકે નિમણૂંક થતાં સભ્ય પદે રહેતા નથી.

## જાહેર હિસાબ સમિતિ
## (સન ૨૦૧૩-૧૪)

### પ્રમુખશ્રી

શ્રી બાવકુભાઈ ઉંઘાડ

### સભ્યશ્રીઓ

શ્રી છબીલભાઈ પટેલ
શ્રી શંકરભાઈ ચૌધરી
શ્રી મણીલાલ વાઘેલા
શ્રીમતી વર્ષાબેન દોશી
શ્રી જશાભાઈ બારડ
શ્રીમતી વિભાવરીબેન દવે
શ્રી આત્મારામ પરમાર
શ્રી દિલીપભાઈ પટેલ
શ્રી જયદ્રથસિંહજી પરમાર
શ્રી ધીરુભાઈ ભીલ
શ્રી મોતીલાલ વસાવા
શ્રી છત્રસિંહજી મોરી
શ્રી દુષ્યંતભાઈ પટેલ
શ્રી ઈશ્વરસિંહજી પટેલ

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ
શ્રી એમ. જે. પરમાર, સંયુક્ત સચિવ
શ્રી એ.બી.કરોવા, ઉપસચિવ
શ્રી ડી.એ.ચૌધરી, શાખા અધિકારી

## જાહેર હિસાબ સમિતિ
## (સન ૨૦૧૨–૧૩)

### પ્રમુખશ્રી

શ્રી મોહનસિંહ રાઠવા

### સભ્યશ્રીઓ

શ્રી ભરતભાઈ બોઘરા
શ્રી પ્રવિણભાઈ માંકડીયા
શ્રી મુળુભાઈ આયરબેરા
શ્રી ભગવાનજીભાઈ કરગટીયા
શ્રી જવાહરભાઈ ચાવડા
શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા
શ્રી રાકેશભાઈ શાહ
શ્રી ભરતકુમાર બારોટ
શ્રી ઋષિકેશ પટેલ
શ્રી શંકરભાઈ ચૌધરી
શ્રી રામસિંહ પરમાર
શ્રી રાજેન્દ્રસિંહ પરમાર
શ્રી ખુમાનસિંહ ચૌહાણ
શ્રી નાનુભાઈ વાનાણી

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ
શ્રી એમ. જે. પરમાર, સંયુક્ત સચિવ
શ્રી એ.બી.કરોવા, ઉપસચિવ
સુશ્રી રાજશ્રી પંડ્યા, શાખા અધિકારી
શ્રી ડી.એ.ચૌધરી, શાખા અધિકારી

## જાહેર હિસાબ સમિતિ

## (સન ૨૦૧૧-૧૨)

### પ્રમુખશ્રી

શ્રી મોહનસિંહ રાઠવા

### સભ્યશ્રીઓ

શ્રી ભરતભાઈ બોઘરા
શ્રી પ્રવિણભાઈ માંકડીયા
શ્રી મુળુભાઈ આયરબેરા
શ્રી ભગવાનજીભાઈ કરગટીયા
શ્રી જવાહરભાઈ ચાવડા
શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા
શ્રી રાકેશભાઈ શાહ
શ્રી ભરતકુમાર બારોટ
શ્રી ઋષિકેશ પટેલ
શ્રી શંકરભાઈ ચૌધરી
શ્રી રામસિંહ પરમાર
શ્રી રાજેન્દ્રસિંહ પરમાર
શ્રી ખુમાનસિંહ ચૌહાણ
શ્રી નાનુભાઈ વાનાણી

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ
શ્રી એમ. જે. પરમાર, સંયુક્ત સચિવ
શ્રી એ.બી.કરોવા, ઉપસચિવ
સુશ્રી રાજશ્રી પંડ્યા, શાખા અધિકારી

**તા.૨૦/૧૨/૨૦૧૨ના રોજ વિધાનસભાનું વિસર્જન થયું હતું.**

# જાહેર હિસાબ સમિતિ
## (સન ૨૦૧૦-૧૧)

### પ્રમુખશ્રી

શ્રી મોહનસિંહ રાઠવા

### સભ્યશ્રીઓ

શ્રી પ્રવિણભાઈ માંકડીયા
શ્રી મુળુભાઈ આયરબેરા
શ્રી ભગવાનજીભાઈ કરગટીયા
શ્રી જવાહરભાઈ ચાવડા
શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા
શ્રી રાકેશભાઈ શાહ
શ્રી ભરતકુમાર બારોટ
શ્રી શંકરભાઈ ચૌધરી
શ્રી રામસિંહ પરમાર
શ્રી રાજેન્દ્રસિંહ પરમાર
શ્રી ખુમાનસિંહ ચૌહાણ
* શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા
શ્રી નાનુભાઈ વાનાણી
* શ્રી રણજીતભાઈ ગીલીટવાલા

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ
શ્રી એમ. જે. પરમાર, સંયુક્ત સચિવ
શ્રી યુ.આઈ.ભટ્ટી, નાયબ સચિવ
શ્રી જી.બી.ગામીત, ઉપસચિવ
શ્રી એ.બી.કરોવા, શાખા અધિકારી

* તા.૦૨/૦૨/૨૦૧૧ના રોજથી મંત્રીશ્રી તરીકે નિમણૂંક થતાં સભ્યશ્રી તરીકે રહેતા નથી.

## અહેવાલ

## પ્રાસ્તાવિક

હું જાહેર હિસાબ સમિતિનો પ્રમુખ, સમિતિનો નીચે મુજબનો અહેવાલ રજૂ કરૂં છું.

**૨.** સમિતિની **તા.૧૭/૦૮/૨૦૧૦** થી **તા.૩૦/૦૮/૨૦૨૨** દરમિયાન **કુલ-૪૭** બેઠકો મળી હતી. આ બેઠકોમાં સમિતિએ રાજય સરકારના સન ૨૦૦૮-૦૯ના વર્ષના વિનિયોગ હિસાબો અને નાણાકીય હિસાબો તથા તે પરના ઓડિટ અહેવાલો સંબંધમાં જુદા જુદા વિભાગોની રૂબરૂ તપાસ હાથ ધરી હતી અને સમિતિની **તા.૧૩/૦૯/૨૦૨૨**ના રોજ મળેલી બેઠકમાં સમિતિએ અહેવાલને મંજૂરી આપી છે.

**૩.** ગુજરાત સરકારના એકાઉન્ટન્ટ જનરલ (ઓડિટ-૧ અને ઓડિટ-૨) તથા નાણા વિભાગના સચિવ ખાસ નિમંત્રણથી સમિતિની ઉપરોકત બેઠકોમાં હાજર રહ્યા હતા.

## સામાન્ય

**૪.** સન ૨૦૦૮-૦૯ના વર્ષના વિનિયોગ હિસાબોમાં મતપાત્ર તથા બિનમતપાત્ર અનુદાનોમાં પરિશિષ્ટ-૧માં જણાવ્યા મુજબ વધારે ખર્ચ થયો હોવાનું બહાર આવ્યું હતું. જેને ભારતના બંધારણની કલમ-૨૦૫ની જોગવાઈ મુજબ વિધાનસભા દ્વારા વિનિયમિત કરવા સમિતિ ભલામણ કરે છે.

## ૨૦૦૮-૦૯

## ભાગ-૧ મહેસૂલ મતપાત્ર

**૫.** જુદા જુદા વિભાગોને ફાળવેલ મતપાત્ર અનુદાન કરતાં કુલ રૂ.૩૪૧,૭૦,૦૮,૦૦૦/-નો વધારાનો ખર્ચ થયો હતો, જેમાં કૃષિ અને સહકાર વિભાગ હેઠળ રૂ.૧,૮૧,૭૭,૦૦૦/-, શિક્ષણ વિભાગ

હેઠળ રૂ.૧૩,૦૮,૦૦૦/- અને રૂ.૯૨,૬૭,૬૬,૦૦૦/-, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ હેઠળ રૂ.૬૬,૯૮,૭૩,૦૦૦/-, અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોનો વિભાગ હેઠળ રૂ.૭,૩૪,૦૦૦/-, રૂ.૬૧,૦૦,૦૦૦/- અને રૂ.૧૯,૨૯,૦૦૦/-, વન અને પર્યાવરણ વિભાગ હેઠળ રૂ.૨૧,૨૭,૦૦૦/-, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળ રૂ.૪,૭૫,૦૦૦/-, રૂ.૧૬,૧૫,૫૪,૦૦૦/- અને રૂ.૯૪,૦૦૦/-, ગૃહ વિભાગ હેઠળ રૂ.૨૦,૪૪,૦૫,૦૦૦/- અને રૂ.૨૪,૩૪,૦૦૦/-, વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ હેઠળ રૂ.૮,૩૦,૦૦૦/-, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળ રૂ.૬,૯૮,૨૧,૦૦૦/-, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હેઠળ રૂ.૭૮,૩૩,૩૭,૦૦૦/-, મહેસૂલ વિભાગ હેઠળ રૂ.૮,૦૯,૪૭,૦૦૦/- અને રૂ.૨૯,૦૦,૦૦૦/-, માર્ગ અને મકાન વિભાગ હેઠળ રૂ.૪૮,૨૭,૮૯,૦૦૦/- અને રૂ.૪,૦૭,૦૦૦/-, અને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ હેઠળ રૂ.૧૦૦૦/- વધારાનો ખર્ચ થયો હતો. તેની વિગતો નીચે મુજબ છે.

## કૃષિ અને સહકાર વિભાગ

**૬.** અનુદાન ક્રમાંક-૫ (સહકાર) અંતર્ગત રૂ.૧,૮૧,૭૭,૦૦૦/- નો વધારાનો ખર્ચ ખાલી જગ્યાઓ ભરાતા અને કર્મચારીઓ/અધિકારીઓના પગાર-ભથ્થાઓમાં વધારાના કારણે થયો હતો.

## શિક્ષણ વિભાગ

**૭** અનુદાન ક્રમાંક-૮ (શિક્ષણ વિભાગ) અંતર્ગત રૂ.૧૩,૦૮,૦૦૦/- નો વધારાનો ખર્ચ મોંઘવારી ભથ્થુ વધવાથી અને ૫૦% મોંઘવારી ભથ્થુ મૂળ પગારમાં ભેળવવાને કારણે થયો હતો.

**૮.** અનુદાન ક્રમાંક-૯ (શિક્ષણ) અંતર્ગત રૂ.૯૨,૬૭,૬૬,૦૦૦/- નો વધારાનો ખર્ચ પ્રાથમિક શાળાઓના શિક્ષકોના અગાઉના વર્ષના પડતર પેન્શન કેસોનું આખરીકરણ, તેમના કુટુંબ પેન્શનની ચૂકવણી, શૈક્ષણિક-

બિન શૈક્ષણિક કચેરીના કર્મચારી/અધિકારીશ્રીઓના મોંઘવારી ભથ્થામાં વધારો તેમજ ૫૦% મોંઘવારી ભથ્થુ મૂળ પગારમાં ભેળવવાને કારણે થયો હતો.

## ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

**૯.** અનુદાન ક્રમાંક–૧૩ (ઊર્જા પરિયોજનાઓ) અંતર્ગત રૂ.૬૬,૯૮,૭૩,૦૦૦/– નો વધારાનો ખર્ચ રાજ્ય સરકારે શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં નિયત કરેલ લાભાર્થીઓ કરતાં વધુ વીજ કનેક્શન, ફ્યુઅલ સરચાર્જમાં પ્રતિ યુનિટમાં વધારો તેમજ રાજ્ય સરકારે રાજ્યમાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના લાગુ પાડવા માટે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી.ને નાણાકીય સહાય આપવાને કારણે થયો હતો.

## અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોનો વિભાગ

**૧૦.** અનુદાન ક્રમાંક–૨૧ (અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોનો વિભાગ) અંતર્ગત રૂ.૭,૩૪,૦૦૦/–નો વધારાનો ખર્ચ કર્મચારીઓના ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર થતા તફાવતની રકમની ચૂકવણી તથા નિવૃત થયેલ કર્મચારીઓને પેન્શન તથા અન્ય મળવાપાત્ર લાભની ચૂકવણી કરવાને કારણે થયો હતો.

**૧૧.** અનુદાન ક્રમાંક–૨૨ (નાગરિક પુરવઠો) અંતર્ગત રૂ.૬૧,૦૦,૦૦૦/– નો વધારાનો ખર્ચ જિલ્લા પુરવઠા અધિકારીઓના પગાર ભથ્થા તથા અન્ય કચેરી ખર્ચમાં વધારો થવાને કારણે તથા સંકલિત પ્રોજેક્ટ હેઠળ ભારત સરકાર તરફથી મળેલ અનુદાન કચેરીના પી.એલ.એ.માં જમા કરવાને કારણે થયો હતો.

**૧૨.** અનુદાન ક્રમાંક–૨૩ (અન્ન) અંતર્ગત રૂ.૧૯,૨૯,૦૦૦/– નો વધારાનો ખર્ચ ખોટા વર્ગીકરણ તથા જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓના પગાર ભથ્થા અને અન્ય ખર્ચમાં વધારો થવાને કારણે થયો હતો.

## વન અને પર્યાવરણ વિભાગ

**૧૩.** અનુદાન ક્રમાંક–૨૬ (વન) અંતર્ગત રૂ.૨૧,૨૭,૦૦૦/– નો વધારાનો ખર્ચ કર્મચારીઓના પગાર ભથ્થાઓમાં વધારો થવાને કારણે થયો હતો.

## આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

**૧૪.** અનુદાન ક્રમાંક–૩૮ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ) અંતર્ગત રૂ.૪,૭૫,૦૦૦/– નો વધારાનો ખર્ચ કર્મચારીઓના પગાર ભથ્થા અને કચેરી ખર્ચને કારણે થયો હતો.

**૧૫.** અનુદાન ક્રમાંક–૩૯ (તબીબી અને જાહેર આરોગ્ય) અંતર્ગત રૂ.૧૬,૧૫,૫૪,૦૦૦/– નો વધારાનો ખર્ચ કર્મચારીઓના પગાર ભથ્થા તથા ઓ.પી.ડી. પેશન્ટોમાં વધારો થવાથી કચેરી ખર્ચ, દવાઓ, કન્ઝુમેબલ આઈટમ, ડાયેટ, મશીનરીના વાર્ષિક નિભાવ કરાર, સ્ટાઈપેન્ડ વગેરેમાં વધારો થવાને કારણે થયો હતો.

**૧૬.** અનુદાન ક્રમાંક–૪૧ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લગતું અન્ય ખર્ચ) અંતર્ગત રૂ.૯૪,૦૦૦/– નો વધારાનો ખર્ચ કર્મચારીઓના પગાર ભથ્થાઓમાં વધારો થવાને કારણે થયો હતો.

## ગૃહ વિભાગ

**૧૭.** અનુદાન ક્રમાંક–૪૩ (પોલીસ) અંતર્ગત રૂ.૨૦,૪૪,૦૫,૦૦૦/– નો વધારાનો ખર્ચ પગાર ભથ્થામાં વધારો તેમજ  હથિયાર, સલામતીના સાધનો તથા વાહનોની ખરીદીને કારણે થયો હતો.

**૧૮.** અનુદાન ક્રમાંક–૪૪ (જેલો) અંતર્ગત રૂ.૨૪,૩૪,૦૦૦/– નો વધારાનો ખર્ચ જેલના કેદીઓની સંખ્યામાં વધારો તથા તેમના ખોરાક, તબીબી સારવાર તથા અન્ય જીવન જરૂરીયાતની વસ્તુઓના ભાવવધારાના કારણે થયો હતો.

## વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

**૧૯.** અનુદાન ક્રમાંક-૬૨ (વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ) અંતર્ગત રૂ.૮,૩૦,૦૦૦/- નો વધારાનો ખર્ચ વિભાગ હસ્તકના કાયદા પંચની કચેરી માટે ગાડી ખરીદવાના કારણે થયો હતો.

## નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

**૨૦.** અનુદાન ક્રમાંક-૬૬ (સિંચાઈ અને ભૂમી સંરક્ષણ) અંતર્ગત રૂ.૬,૯૮,૨૧,૦૦૦/- નો વધારાનો ખર્ચ વર્કચાર્જ, રોજમદાર કર્મચારીઓના તેમજ કાયમી કર્મચારીઓના પગાર ભથ્થામાં વધારા અને સિંચાઇ યોજનાઓની નહેરોની સુધારણાને કારણે થયો હતો.

## પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

**૨૧.** અનુદાન ક્રમાંક-૭૩ (પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ) અંતર્ગત રૂ.૭૮,૩૩,૩૭,૦૦૦/-નો વધારાનો ખર્ચ અધિકારીઓ/કર્મચારીઓને ચૂકવવામાં આવતા પેન્શન તેમજ અન્ય નિવૃતિના લાભોમાં વધારો થવાને કારણે થયો હતો.

## મહેસૂલ વિભાગ

**૨૨.** અનુદાન ક્રમાંક-૭૯ (કુદરતી આપત્તિઓ અંગે રાહત) અંતર્ગત રૂ.૮,૦૯,૪૭,૦૦૦/- નો વધારાનો ખર્ચ આકસ્મિક રીતે કુદરતી આપત્તિઓ અંગે વર્ષ આખરે ખર્ચ જરૂરી જણાતા થયો હતો.

**૨૩.** અનુદાન ક્રમાંક-૮૦ (ડાંગ જિલ્લો) અંતર્ગત રૂ.૨૯,૦૦,૦૦૦/- નો વધારાનો ખર્ચ પોલીસ સ્ટાફને ઓવર ટાઈમ, જાહેર રજાનો પગાર તથા ૫૦% મોંઘવારી ભથ્થાની ચૂકવણી કરવાની કારણે તથા ખાલી જગ્યાઓ ભરાવવાને કારણે થયો હતો.

## માર્ગ અને મકાન વિભાગ

**૨૪.** અનુદાન ક્રમાંક–૮૬ (માર્ગ અને પુલ) અંતર્ગત રૂ.૪૮,૨૭,૮૯,૦૦૦/– નો વધારાનો ખર્ચ વર્ષ દરમિયાન સ્ટોક સદરે કોયલી રીફાઇનરીમાંથી ડામર મેળવવા માટે એડવાન્સ ચૂકવણું કરવાને કારણે થયો હતો.

**૨૫.** અનુદાન ક્રમાંક–૮૭ (ગુજરાત પાટનગર બાંધકામ યોજના) અંતર્ગત રૂ.૪,૦૭,૦૦૦/– નો વધારાનો ખર્ચ વિભાગ હેઠળની મુખ્ય સ્થપતિ અને નગર નિયોજક કચેરીના કર્મચારીઓના પગારભથ્થા અને મોંઘવારી ભથ્થાના તફાવતનું ચૂકવણું કરવાને કારણે થયો હતો.

## શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

**૨૬** અનુદાન ક્રમાંક–૧૦૪ (શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને લગતું અન્ય ખર્ચ) અંતર્ગત રૂ.૧,૦૦૦/– નો વધારાનો ખર્ચ મંજૂર મહેકમના પગાર ભથ્થાના કારણે થયો હતો.

## ભાગ–૨

## મહેસૂલ બિન મતપાત્ર

**૨૭.** મહેસૂલ બિન મતપાત્ર હેઠળ ફાળવેલ અનુદાન કરતાં **મહિલા અને બાળવિકાસ વિભાગ** હેઠળ કુલ રૂ.૧૨,૦૦૦/–નો વધારાનો ખર્ચ થયો હતો. જે નીચે મુજબ છે.

## મહિલા અને બાળવિકાસ વિભાગ

**૨૮.** અનુદાન ક્રમાંક–૧૦૬ (મહિલા અને બાળવિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ) અંતર્ગત રૂ.૧૨,૦૦૦/–નો વધારાનો ખર્ચ મેળવણા દરમ્યાન વિસંગતતા ધ્યાને ન આવવાને કારણે થયો હતો.

## ભાગ–3

## મૂડી મતપાત્ર

**૨૯.** મૂડી મતપાત્ર હેઠળ ફાળવેલ અનુદાન કરતાં કુલ રૂ.૫૩,૩૬૬,૦૦૦/–નો વધારાનો ખર્ચ થયો હતો. જેમાં માહિતી અને પ્રસારણ વિભાગ હેઠળ રૂ.૨,૪૩,૯૭,૦૦૦/–નો, શ્રમ અને રોજગાર વિભાગ હેઠળ રૂ.૨,૭૭,૦૦૦/–નો અને માર્ગ અને મકાન વિભાગ હેઠળ રૂ.૨,૮૬,૯૨,૦૦૦/–નો વધારાનો ખર્ચ થયો હતો.

## માહિતી અને પ્રસારણ વિભાગ

**૩૦.** અનુદાન ક્રમાંક–૫૫ (માહિતી અને પ્રસારણ વિભાગને લગતું અન્ય ખર્ચ) અંતર્ગત રૂ.૨,૪૩,૯૭,૦૦૦/–નો વધારાનો ખર્ચ ખોટા વર્ગીકરણને કારણે થયો હતો.

## શ્રમ અને રોજગાર વિભાગ

**૩૧.** અનુદાન ક્રમાંક–૫૮ (શ્રમ અને રોજગાર વિભાગને લગતું અન્ય ખર્ચ) અંતર્ગત રૂ.૨,૭૭,૦૦૦/–નો વધારાનો ખર્ચ સમયસર મેળવણું ન કરવાને કારણે થયો હતો.

## માર્ગ અને મકાન વિભાગ

**૩૨.** અનુદાન ક્રમાંક–૮૬ (માર્ગ અને પુલ) અંતર્ગત રૂ.૨,૮૬,૯૨,૦૦૦/–નો વધારાનો ખર્ચ નાબાર્ડ યોજના હેઠળ પંચાયત પ્રભાગના ગ્રામ્ય માર્ગોના હાથ ધરવામાં આવેલ વધારાના કામો કરવાને કારણે થયો હતો.

## ભાગ–૪

## મૂડી બિન મતપાત્ર

**૩૩.** મૂડી બિન મતપાત્ર હેઠળ ફાળેવલ અનુદાન કરતાં મહેસૂલ વિભાગ હેઠળ રૂ.૧,૫૦,૦૦૦/–નો વધારાનો ખર્ચ થયો હતો. જે નીચે મુજબ છે.

## મહેસૂલ વિભાગ

**૩૪.** અનુદાન ક્રમાંક–૮૧ (વળતર અને સોંપણી) અંતર્ગત રૂ.૧,૫૦,૦૦૦/–નો વધારાનો ખર્ચ ખોટા વર્ગીકરણને કારણે થયો હતો.

## સી.એ.જીનો ઓડિટ અહેવાલ

## (મુલ્કી)

## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**૩૫. ફકરા ક્રમાંક–૧.૨ જુવેનાઈલ જસ્ટીસ (બાળકોની સાર સંભાળ અને સંરક્ષણ) કાયદો–૨૦૦૦ (સુધારેલો કાયદો, ૨૦૦૬) અને ઓર્ફેનેજીસ એન્ડ અધર ચેરીટિબલ હોમ્સ (દેખરેખ અને નિયંત્રણ) કાયદો, ૧૯૬૦નું અમલીકરણ**

આ અહેવાલના ફકરા ક્રમાંક–૧.૨ માં ઓડીટે જુવેનાઈલ જસ્ટીસ (બાળકોની સાર સંભાળ અને સંરક્ષણ) કાયદો–૨૦૦૦ (સુધારેલો કાયદો, ૨૦૦૬) અને ઓર્ફેનેજીસ એન્ડ અધર ચેરીટિબલ હોમ્સ (દેખરેખ અને નિયંત્રણ) કાયદો, ૧૯૬૦ના અમલીકરણની કામગીરીનું ઓડીટ કર્યુ છે. જેમાં સંસ્થાકીય માળખું, આ એક્ટ હેઠળની ચાઈલ્ડ કેર સેવાઓ, બિન સરકારી સંસ્થાઓ દ્ધારા ચલાવવામાં આવતા અનાથાશ્રમો અને અન્ય ચેરીટિબલ હોમ્સ દ્ધારા પૂરી પડાતી ચાઈલ્ડ કેર સેવાઓ, તેમજ સંસ્થાઓમાં ક્ષમતાનો વપરાશ/ઉપયોગ, રાજ્ય સલાહકાર બોર્ડની રચના, એક્ટ અન્વયે ઘડવાના નિયમોમાં વિલંબ, અલગ અલગ વયજૂથના બાળકોને ઓબઝર્વેશન હોમમાં ભેગા રાખવા, બાળકોનું દત્તક ગ્રહણ, બાળકોના પ્રવેશ અને મુક્તિ માટેની નિયમ પ્રક્રિયાનું પાલન ન થવું, સંસ્થાઓમાં અપર્યાપ્ત સુવિધાઓ, સરકારી સંસ્થાઓમાં અપર્યાપ્ત માનવશક્તિ, રખડતા બાળકોનું પુન:સ્થાપન, પ્રોબેશન સેવાઓ, સામાજિક ઓડિટ વગેરે તારણોનો આમાં સમાવેશ થાય છે.

તા. ૮ જુલાઈ, ૨૦૨૧ના રોજ સમિતિને મોકલી આપેલ લેખિત ખુલાસામાં વિભાગે એ.જી.ના વિવિધ તારણો સંદર્ભે જણાવ્યું હતું કે જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ અને ચાઈલ્ડ વેલફેર કમિટીની રચના માટે સિલેક્શન કમીટી દ્વારા વર્ષ ૨૦૧૬–૧૭ થી ૨૦૧૮–૧૯ એમ કુલ–૩ વર્ષ સતત જાહેરાત આપવા છતાં કાયદામાં જણાવ્યા મુજબની લાયકાત ધરાવતા ઉમેદવારો ન મળતા સભ્યોની પસંદગી થઈ ન હતી. માળાખાકીય સુવિધાઓને અભાવે એક જ પરિસરમાં બાળગુનેગારો અને સાર સંભાળવાળા બાળકોને રાખવામાં આવતા હતાં. રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં ૧૪ જિલ્લાની કુલ–૧૯ સ્પેશયલાઈઝ એડોપ્શન એજન્સીને દત્તક ગ્રહણ એજન્સીઓ તરીકે માન્યતા આપેલ છે. અન્ય જિલ્લામાં જુવેનાઈલ જસ્ટીસ એક્ટની કલમ–૩૬ની પેટાકલમ–૧ મુજબ નજીકના જિલ્લાની દત્તક વિધાન સંસ્થા ઉપલબ્ધ હોય ત્યાં મોકલવામાં આવે છે. રાજકોટના ઓબઝર્વેશન હોમના મકાનની માલિકીપણાનો મામલો હાઈકોર્ટમાં અનિર્ણિત હોઈ તેનું નવું બાંધકામ થઈ શક્યું નથી. રાજ્ય સરકાર દ્વારા સંસ્થાના તમામ બાળકોને ટેકનિકલ તાલીમ મળી રહે તે માટે ઔદ્યોગિક તાલીમ સંસ્થા, કૌશલ્ય વર્ધન તાલીમ કેન્દ્ર માટે રોજગાર અને તાલીમ નિયામકશ્રી સાથે એમ.ઓ.યુ. કરેલ છે. ૩૭ સાયકોલોજીસ્ટની જગ્યાઓ ચિલ્ડ્રન હોમમાં કાઉન્સેલીંગ કરવા ભરવામાં આવેલ છે.

તા.૨૯મી જુન, ૨૦૨૧ના રોજની બેઠકમાં સમિતિએ રાજ્યના તમામ જિલ્લામાં ચાઈલ્ડ વેલફેર કમીટીની રચના થઈ ગઈ છે તેની પૃચ્છા કરતાં વિભાગના પ્રતિનિધિએ પાટણ જિલ્લા સિવાય રાજ્યના ૩૨ જિલ્લામાં આ કમીટી અસ્તિત્વમાં છે તેમ સમિતિને જણાવ્યું હતું. જુવેનાઈલ જસ્ટીસ બોર્ડની બેઠકો નિયમ મુજબ નિયત સંખ્યામાં મળે છે કે કેમ તેવી સમિતિની પૃચ્છાના જવાબમાં વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે હાલ દરેક બોર્ડની અઠવાડીયામાં બે કે તેથી વધુ દિવસોએ બેઠકો મળે છે. ૨૦૧૫માં

નવો કાયદો આવતા હવે રાજ્ય સલાહકાર બોર્ડની જોગવાઈ અસ્તિત્વ ધરાવતી નથી તેવી પણ માહિતી વિભાગના પ્રતિનિધિએ સમિતિને આપી હતી. ત્યારબાદ સમિતિએ આ એક્ટના અમલીકરણ માટેની સંસ્થાઓમાં મહેકમ, માળખાકીય સુવિધાઓ, બાળકોને અપાતી વિવિધ સુવિધાઓ તેમજ **અન્ય મુદ્દાઓની ઝીણવટપૂર્વકથી તપાસ હાથ ધરીને તેમાં જણાયેલ ખામીઓને ધ્યાને લેતા સમિતિ નીચે મુજબ ભલામણો કરે છે.**

- **બાળ સંરક્ષણ ગૃહો તથા જુવેનાઈલ જસ્ટિસ એક્ટની અમલકર્તા કચેરીઓનાં મહેકમ પર કાયમી જગ્યા નક્કી કરી જે તે કક્ષા પર કાયમી ભરતી કરવી.**
- **જિલ્લા કક્ષાના બાળ સંરક્ષણ ગૃહોમાં રહેલા બાળકોના આરોગ્યનું નિયમિત ચેકઅપ કરવામાં આવે તથા તેમને જરૂરિયાત હોય તેવી દવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે. આ ઉપરાંત જે તે બાળ સંરક્ષણ ગૃહમાં વાહનની જરૂરિયાત અંગેની ચકાસણી કરાવીને તેમને જરૂરિયાત સમયે વાહન મળી જ રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવે.**

આ બેઠકમાં તપાસ દરમિયાન બાળક દત્તક લેવાની સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થવામાં ઘણો વિલંબ થતો હોય છે તે બાબત સમિતિના ધ્યાને આવી હતી તે અંગે પૃચ્છા કરતા વિભાગના પ્રતિનિધિએ આ સમગ્ર પ્રક્રિયા ઓનલાઈન છે તેમજ આ અંગેની મંજૂરી નવી દિલ્હીથી મેળવવાની રહેતી હોઈ વિલંબ થાય છે તેમ જણાવી આ હકીકતોનો સ્વીકાર કર્યો હતો. **આથી બાળક દત્તક મેળવવા અંગેની સમગ્ર પ્રક્રિયામાં વિલંબ નિવારીને ઓછી સમયમર્યાદામાં આ સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા સમિતિ ભલામણ કરે છે.**

## જળસંપત્તિ પ્રભાગ

## ૩૬. ફકરા ક્રમાંક– ૨.૪.૩. જળસંપતિ યોજના પૂર્ણ કરવામાં અસાધારણ વિલંબ

સપ્ટેમ્બર, ૧૯૯૫માં ભાવનગર જિલ્લાના પાલિતાણા તાલુકાના નવ ગામડાઓની ૧૪૦૫ હેકટર જમીનને નિરંતર સિંચાઈનો લાભ આપવા સરકારે રાજવળ નદી ઉપર રૂ.૧૧.૯૦ કરોડની હણોલ જળસંપત્તિ યોજનાને વહીવટી મંજુરી આપેલ હતી. જે ૨૦૦૧માં પૂર્ણ કરવાની ધારણા હતી. એ.જી. દ્વારા કાર્યપાલક ઈજનેર, સિંચાઈ યોજના વિભાગ, ભાવનગર દફતરની તેમજ વિભાગ તરફથી મળેલ અન્ય માહિતીની ચકાસણી કરતા આ યોજનામાં સરકારે સમયાંતરે અલગ અલગ ફેરફારો કરવાને લીધે યોજના પૂર્ણ થવામાં ચાર વર્ષનો અસાધારણ વિલંબ થયાનું ધ્યાને આવેલ હતું. જેમાં સૌ પ્રથમવાર ઓગષ્ટ ૧૯૯૬માં સરકારે ટપક અને છંટકાવ સિંચાઈ પધ્ધતિ અપનાવવાનો નિર્ણય કર્યો હતો. તેથી ઉદવહન સિંચાઈ પધ્ધતિમાં નહેરોના બાંધકામને કારણે જમીનમાં ઘટ કે ભાગ પડવાના લીધે અસરગ્રસ્ત જમીનમાલિકો વિરોધ કરતા નહેરના બાંધકામમાં વિલંબ થયો હતો. મે–૨૦૦૪માં સ્થાનિક ધારાસભ્યશ્રીની રજુઆતને ધ્યાને લઈ સરકારે કેનાલ બાંધકામ યથાવત સ્થિતિએ રાખ્યુ હતુ. ત્યારબાદ ડીસેમ્બર–૨૦૦૬માં ધારાસભ્યશ્રીએ ખેડુતોને ચૂકવેલ જમીન વળતર પરત અપાવવાની ખાતરી આપતા સરકારે બે ખેડુત સહકારી મંડળીઓની સહાયથી ટપક સિંચાઈ પધ્ધતિ વિકસાવવાનો નિર્ણય કરેલ જેને સરકારે નવેમ્બર–૨૦૦૮માં મંજુરી આપેલ હતી. આમ યોજનામાં નિર્ણયોની એકસૂત્રતા ન જળવાતા વિલંબ થયો હતો.

તા.૨૫ જુલાઈ, ૨૦૧૩ના રોજ સમિતિને મોકલી આપેલ લેખિત ખુલાસામાં વિભાગે જણાવ્યુ હતું કે, ટપક સિંચાઇ પધ્ધતિ વિકસાવવાના સરકારના નિર્ણય બાદ તા.૨૭–૧૧–૨૦૦૮થી બંને સહકારી મંડળીઓ

વચ્ચે પિયત વિસ્તારમાં વહેંચણી કરેલ હતી પરંતુ ત્યારબાદ બીજી પિયત મંડળી નિષ્ક્રીય રહેતા માત્ર હવે શ્રી કુંભણ ડ્રીપ ઈરીગેશન મંડળી જ હાલ ટપક સિંચાઈનું કામ કરે છે. તા.૧૫-૦૯-૨૦૧૦થી નહેરકામના ટેન્ડર સરકારે રદ કર્યા હતા. વિભાગે જમીન સંપાદનના વળતર તરીકે રૂ.૩૦,૮૦,૮૩૫ ચૂકવેલ હતા તે પૈકી રૂ.૧૭,૫૬,૨૧૧ જમીન ધારકોને તથા રૂ.૧૩,૨૪,૬૨૪ મામલતદારશ્રી પાસે જમા છે. વળતરની પુન:પ્રાપ્તિમાં જમીન ધારકોને આપેલ કુલ રકમમાંથી રૂ.૭,૭૦,૫૬૭ પરત મેળવેલ છે અને રૂ.૯,૮૫,૬૪૪ વસૂલવાના બાકી છે. જે માટે વિભાગ પ્રયત્નો કરતુ રહ્યુ છે. મહેસૂલ સત્તામંડળ પાસે લેવાની રકમ બાબતે સંબંધિતો સાથે પત્રવ્યવહાર ચાલુ છે.

તા. ૧ જુન, ૨૦૨૨ના રોજ વિભાગની તપાસ માટે મળેલ સમિતિની બેઠકમાં સમિતિ આ સમગ્ર ફકરામાં વસુલાતના મુદ્દાને મુખ્ય માનીને વિભાગે વસુલાત માટે શાં પ્રયાસ કર્યા તેમ પૃચ્છા કરતા વિભાગના પ્રતિનિધિએ જણાવ્યુ કે, વિભાગે ખાતેદારો દીઠ બધાને પત્ર લખ્યાં છે. તે વિસ્તારના આગેવાનોને પણ આ મુદ્દે દરમિયાનગીરી કરી વસુલાત માટે મદદરૂપ થવા જણાવવામાં આવ્યુ હતુ. આ બધા પ્રયત્નોના ફળસ્વરૂપે સમય જતાં કેટલીક રકમ પરત પણ આવી છતાં આજે રૂ.૯,૮૫,૦૦૦ જેટલી રકમની વસૂલાત બાકી છે. વધુમાં જો બાકી વસૂલાત ન થાય તો વિભાગ રેવન્યુ રાહે મિલકત પર બોજો નાંખવા જેવા પગલા લેવાનું પણ વિચારી રહ્યું છે. સમિતિએ આ બાબતે વિભાગ સાથે ચર્ચા વિચારણા કરી હતી. હાલ જમીનનો કબ્જો ખાતેદાર ખેડૂત પાસે જ છે. ખેડૂતો તેમાં વાવણી વિ. માટે ઉપયોગ પણ કરે છે. વિભાગની સિંચાઈ યોજના આજદીન સુધી ફળીભૂત થઈ નથી તે હકીકત છે. **આથી ખેડુતો પાસે જે રકમ લેવાની થાય તેની વસુલાત કરી સમિતિને જાણ કરવામાં આવે. તેમજ આવી પરિસ્થિતિનું પુનરાવર્તન ભવિષ્યમાં ન થાય તેની તકેદારી રાખવા સમિતિ ભલામણ કરે છે.**

## શિક્ષણ વિભાગ

### ૩૭. ફકરા ક્રમાંક– ૨.૪.૨ ભંડોળનું અટવાઇ જવું

સરદાર પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈકોનોમિક્સ એન્ડ સોશિયલ રીસર્ચ (SPISER), અમદાવાદ સોસાયટીઝ રજીસ્ટ્રેશન એક્ટ, ૧૮૬૦ હેઠળ વર્ષ ૧૯૬૫માં નોંધાયેલ સંસ્થા છે. સામાજીક વિજ્ઞાનના પ્રચાર માટે ભારત સરકારે આ સંસ્થાને રાષ્ટ્રીય સંસ્થા તરીકે વર્ષ ૧૯૭૫માં માન્યતા આપેલ હતી. આ સંસ્થાને કેન્દ્ર અને રાજ્યની ૫૦:૫૦ ના ધોરણે ગ્રાન્ટ મળે છે. વર્ષ ૨૦૦૦–૦૮ના વર્ષો દરમ્યાન ICSSR (કેન્દ્ર સરકારની સંસ્થા)એ SPIESRને સંશોધન સુવિધાના વિકાસ અર્થે અધ્યાપકોની સંખ્યા વધારવાના ખર્ચને પહોચી વળવા કુલ રૂ.૧.૨૫ કરોડ પ્લાન ગ્રાન્ટ તરીકે કેટલીક શરતોને આધીન મંજૂરી આપી હતી. SPISERની જૂન–૨૦૦૭ થી જાન્યુઆરી–૨૦૦૯ દરમ્યાન દફ્તરની ચકાસણીમાં એ.જી.ના ધ્યાને આવ્યું હતું કે સંસ્થા ગ્રાન્ટ મંજૂર કરતી વખતે મુકાયેલી શરતો પાળવામાં નિષ્ફળ ગઈ હતી કારણ કે સંસ્થાએ ગ્રાન્ટની રકમનો કોઇપણ ખર્ચ કર્યો ન હતો. તેમજ વણવપરાયેલી રકમ નાણાકીય વર્ષના અંતે પરત કરી ન હતી. તેમજ સમયાંતરે ગ્રાન્ટને ટર્મ ડીપોઝીટમાં મૂકી હતી. જેથી રૂ.૧.૨૫ કરોડનું ભંડોળ અટવાઈ ગયુ હતું. ગ્રાન્ટ શરત મુજબ જે હેતુ માટે ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી હોય તે પરિપૂર્ણ ન થાય તો ૨૦૦૪–૦૫ થી માર્ચ–૨૦૦૯ સુધીના સમયગાળાનું વ્યાજ રૂ.૩૩.૫૬ લાખ ચૂકવવા જવાબદાર હતી.

તા.૧૩ ડીસેમ્બર ૨૦૧૦ના રોજ સમિતિને મોકલી આપેલ લેખિત ખુલાસામાં વિભાગે જણાવ્યું હતું કે ICSSR પાસેથી મળેલી રૂ.૧.૨૫ કરોડની ગ્રાન્ટ સંસ્થા પાસે જમા રહી હતી. આ ૨૦૦૬–૦૮ના સમયગાળામાં સંસ્થામાં બે પ્રોફેસર, છ અસોસિયેટ પ્રોફેસર અને ૩ મદદનીશ પ્રોફેસરની નિમણુંક કરાઈ હતી. આમ નવા વધારાના માળખાની સુવિધા ઉભી કરવા માટે રૂ.૮૧.૨૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

તા. ૧૪ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજની સમિતિની બેઠકમાં રૂબરૂ હાજર રહેવા વિભાગના પ્રતિનિધિને સમિતિએ બીજા વર્ષે ગ્રાન્ટ વપરાઇ ગઇ હતી કે કેમ તેવી પૃચ્છા કરતા તેમણે આ ગ્રાન્ટ વપરાઈ ગઈ હતી તેમ જણાવ્યું હતું. વધુમાં સમિતિને તપાસ દરમિયાન ધ્યાનમાં આવ્યું હતું કે, સંસ્થાને સહાયની ઉચ્ચતમ મર્યાદા ૧ કરોડ રૂપિયા વર્ષ ૧૯૯૦થી નક્કી કરેલી છે અને તેમાં કેન્દ્ર–રાજ્યનો ફાળો ૪૭.૫:૪૭.૫ છે તેમ પણ જણાવ્યું હતુ. એ સુવિદિત છે કે રાજ્ય/કેન્દ્ર સરકાર દ્વારા જ્યારે ગ્રાન્ટ મંજૂર કરવામાં આવે છે ત્યારે તે જે હેતુ માટે મંજૂર કરવામાં આવી હોય તે હેતુ માટે અને ઠરાવેલી સમયમર્યાદામાં તેનો ખર્ચ કરવાનો રહેતો હોય છે અન્યથા ગ્રાન્ટ સરન્ડર કરવાની હોય છે. પ્રસ્તુત કિસ્સામાં ગ્રાન્ટ લાંબા સમય સુધી વણવપરાયેલી રહી હતી અને ઓડિટે ધ્યાન દોર્યું (સન ૨૦૦૮–૦૯) તે પછી તેનો ખર્ચ કરવામાં આવ્યો છે. તદુપરાંત ૨૦૦૮–૦૯ પહેલાં સુધી ગ્રાન્ટને ટર્મ ડિપોઝિટ તરીકે મૂકી દેવામાં આવી હતી. **ઓડીટના જણાવ્યા મુજબ આ શરત ભંગ પેટે સંસ્થા રૂ.૩૩.૫૬ લાખ વ્યાજ પેટે ચુકવવા જવાબદાર ઠરે છે. સંસ્થાની કામગીરી પ્રસંશનીય છે તેમાં બેમત નથી પરંતુ સમિતિને લાગે છે કે પ્રસ્તુત કિસ્સામાં સંસ્થા દ્વારા ગંભીર નાણાકીય અશિસ્ત દાખવવામાં આવી છે. ભવિષ્યમાં આવી બાબતમાં કાળજી રાખવા સમિતિ ભલામણ કરે છે. સમિતિના ધ્યાન પર આવ્યું હતું કે ગ્રાન્ટની ઉચ્ચત્તમ મર્યાદા રૂ. ૧ કરોડ સન ૧૯૯૦થી નક્કી કરવામાં આવી છે. આ મર્યાદા ઘણા વર્ષો પહેલા નક્કી કરવામાં આવી હોઈ તેમાં યથાયોગ્ય વધારો કરવા સમિતિ આથી ભલામણ કરે છે.**

## વન અને પર્યાવરણ વિભાગ

આ અહેવાલના પ્રકરણ–૩માં એ.જી.એ વન વિભાગની કામગીરીનું સર્વગ્રાહી ઓડિટ કર્યુ છે.

## **૩૮. <u>ફકરા ક્રમાંક -૩.૧.૭.૧-રાજ્યની વન નીતિ બનાવવામાં ન આવી.</u>**

આ ફકરામાં માર્ચ-૨૦૦૬માં રાજ્યોના જંગલોના સક્ષમ વ્યવસ્થાપન માટે રાષ્ટ્રીય વન પંચની ભલામણ અનુસંધાને દરેક રાજ્યે વ્યાપક વનીકરણ તથા સામાજીક વન નિર્માણના કાર્યક્રમો, ઉદેશ પાર પાડવા માટેની લોક ચળવળ ઉભી કરવી વગેરેનો સમાવેશ કરી બાકી રહેલ કુદરતી જંગલોના સંરક્ષણ અને વન/વૃક્ષ વિસ્તારના વધારાને લગતા મુદ્દાઓને સમાવતી વન નીતિ બનાવવાની રહેતી હતી.જે ગુજરાત રાજ્યે બનાવી ન હતી તેની ઓડિટે નોંધ લીધી છે.

તા.૨૮ જુલાઈ, ૨૦૨૧ના રોજ સમિતિને મોકલી આપેલ લેખિત ખુલાસામાં વિભાગે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય વન નીતિ ઘડવા કોઈ નિર્દેશ કરવામાં આવ્યા નથી. તેમજ ગુજરાત સરકાર રાષ્ટ્રીય વન નીતિ ૧૯૮૮ને અનુસરીને પર્યાવરણ સંરક્ષણ-સંવર્ધનના કાર્યક્રમો/પ્રવૃતિ હાથ ધરે છે.જેના ફળસ્વરૂપ રાજ્યના વન આવરણ તથા વન વિસ્તાર બહારના વૃક્ષોમાં પણ વધારો જોવા મળ્યો છે.

તા.૧૦ નવેમ્બર, ૨૦૨૧ના રોજ મળેલ સમિતિની બેઠકમાં વિભાગના પ્રતિનિધિએ રાજ્યની પોતાની અલગ વનનીતિ ન હોવાનું સ્વીકાર્યુ હતું તેમજ આ અંગે વધુ માહિતી આપતા સમિતિને જણાવ્યું હતુ કે વિભાગ રાજ્યની અલગ વન નીતિ તૈયાર કરી રહ્યુ છે. આગામી ત્રણ મહિનામાં તેને આખરી ઓપ આપી તેને જાહેર કરવામાં આવશે. સમિતિ રાજ્યની અલગ વન નીતિ ઘડવામાં વિભાગે કરેલ વિલંબની સખેદ નોંધ લે છે. વિભાગના પ્રતિનિધિએ સમિતિને જણાવ્યા મુજબ ત્રણ મહિનામાં રાજ્યની વનનીતિ જાહેર કરવામાં આવશે. આ વાતને દશ મહિના જેટલો સમય થયો હોવા છતાં વનનીતિ સંબંધે સમિતિને કોઈ માહિતી આપવામાં આવી નથી. **<u>આથી રાજ્યના વનોના અસરકારક વ્યવસ્થાપન માટે રાષ્ટ્રીય વનનીતિના વ્યાપક પરીપ્રેક્ષ્યની મર્યાદામાં તમામ મુદ્દાઓનો સર્વગ્રાહી</u>**

**<u>અભ્યાસ કરીને વહેલામાં વહેલી તકે રાજ્યની વનનીતિ જાહેર કરવામાં આવે અને તેના થકી રાજ્યનો વન વિસ્તાર પણ સુનિશ્ચિત કરવા સમિતિ ભલામણ કરે છે.</u>**

## ૩૯. ફકરા ક્રમાંક –૩.૧.૮.૬– ઉચાપતના કિસ્સાની અધૂરી તપાસ

આ ફકરામાં ઓડિટે ગીર (પૂર્વ) ધારી ડીવીઝનમાં વન્ય પ્રાણીઓ દ્વારા લોકોને ઈજા કે જિંદગીના નુકશાન સામે વળતર ચૂકવવા સંબંધે ઉચાપતના એક કિસ્સાની નોંધ લીધી છે.જેમાં બે કર્મચારીઓ દ્વારા (સપ્ટેમ્બર ૨૦૦૫ અને જૂન ૨૦૦૬) રૂ.૧,૫૫,૦૦૦/–ની રકમની ઉચાપત કરવામાં આવી હતી. નાયબ વન સંરક્ષકે આ કેસમાં જ્યારથી ખાતા દ્વારા ડિમાન્ડ ડ્રાફ્ટ થી નુકશાન–વળતરની ચૂકવણીઓ શરૂ કરાઈ હતી તે તમામ કિસ્સાઓની તપાસ કરાવવા ACFને નિર્દેશ આપ્યા હતા જે સંદર્ભે ACFએ આ કેસમાં સંડોવાયેલા કર્મચારીઓ ૧૯૯૫ થી કાર્યરત હતા તેમ જણાવી આ તપાસ કાર્યબોજના કારણે કરી શકાઈ નથી તેમ ઓડિટે જણાવ્યું હતું. વધુમાં ગુજરાત નાણાકીય નિયમોના નિયમ–૨૦ અને ૨૫ અંતગર્ત DCFએ આ બાબતનો અહેવાલ મહાલેખાકાર (મુલ્કી ઓડિટ) ગુજરાત, રાજકોટને રજુ કરેલ ન હતો.

સમિતિને મોકલી આપેલ લેખિત ખુલાસામાં વિભાગે જણાવ્યુ હતું કે રૂ.૧,૫૫,૦૦૦/–ની નાણાંકીય ઉચાપત માટે શ્રી એચ.કે.જોષી, મુખ્ય કારકુન ગીર (પૂર્વ) વિ. ધારી અને શ્રી બી.એચ.ગોસ્વામી કારકુન સામેની ખાતાકીય તપાસના અંતે બંને કર્મચારીઓ સામે આક્ષેપો સાબિત થયેલ છે.તેથી તેમની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરીને ઉચાપતની રકમ વસૂલાતની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.વધુમાં ઉચાપતના કેસની જે તે સમયે સરતચૂકથી એ.જી.કચેરીને જાણ કરી શકાઈ ન હતી.

સમિતિની તા.૧૦ નવેમ્બર,૨૦૨૧ના રોજની બેઠકમાં સમિતિએ આ ઉચાપત કઈ બાબતની હતી તેની પૃચ્છા કરતા વિભાગના પ્રતિનિધિએ આ ઉચાપત વિશે જણાવીને ઉમેર્યુ હતું કે આ ઉચાપત સાથે સંકળાયેલ બે

કારકુનો પૈકી મુખ્ય કારકુનને મૂળ પગાર ઉપર મૂકી દેવામાં આવ્યા છે તથા ૮૭ હજાર રૂપિયા વસૂલ કરવામાં આવેલ છે.આ ઉપરાત અન્ય કારકુન શ્રી ગોસ્વામીને ડિસમિસ કરી રૂ.એક લાખ વસૂલ કરવામાં આવ્યા છે. વિભાગે કરેલ ઉક્ત કાર્યવાહીથી સમિતિએ સંતોષ વ્યક્ત કર્યો હતો પણ આ ફકરા સાથે સંકળાયેલ વન્ય પ્રાણીઓ દ્વારા લોકો કે પાલતુ પ્રાણીઓને ઈજા અથવા મૃત્યુના કેસમાં વળતર અંગે કેટલુ વળતર ચૂકવાય છે તે અંગે સમિતિએ પૃચ્છા કરતા વિભાગના પ્રતિનિધિએ વિભાગના આ બાબતના આખરી પરિપત્ર મુજબ ૫૦,૦૦૦/–નું વળતર ચૂકવાય છે તેવી સમિતિને માહિતી આપી હતી ત્યારે સમિતિએ જણાવ્યું હતું કે પાલતુ પશુઓની આજના સમયમાં બજારમાં વધારે કિંમત તથા મોંઘવારીને ધ્યાને લઈ વિભાગ દ્વારા અપાતું આ વળતર અપર્યાપ્ત છે. **આથી સમિતિ ભલામણ કરે છે કે, વન્ય પશુઓ દ્વારા પાલતુ પશુઓના જે મૃત્યુ નિપજાવવામાં આવે છે તે અંગેની વળતર ચૂકવવા અંગેની અલગ અલગ માર્ગદર્શિકામાં સુધારો કરી પાલતુ પશુઓના વર્તમાન બજાર ભાવને ધ્યાને લઈ પશુપાલકોને સહાય આપવામાં આવે.**

## સી.એ.જી.નો ઓડિટ અહેવાલ

## (મહેસૂલ પ્રાપ્તિ)

## નાણા વિભાગ

**૪૦.** આ અહેવાલનો પ્રકરણ–II– વેચાણવેરો/મુખ્ય વર્ધિત વેરાને લગતો છે. જેમાં ઓડીટે વેચાણ વેરા પ્રોત્સાહન યોજનાઓ હેઠળ ખોટી રીતે લાભ આપવા, માલના ખોટા વર્ગીકરણને લીધે વેરો વસૂલ ન કરવો/ ઓછો વસૂલ કરવો, કેન્દ્રીય વેચાણવેરા, ખરીદ વેરા, ટર્નઓવર વેરા વગેરેની વસૂલાતો ન કરવી /ઓછી વસૂલાતો કરવી, નિયમ વિરુદ્ધ/ અધિક રકમ મજરે આપવી/ વ્યાજ–દંડની વસૂલાત ન કરવી / ઓછી કરવી, વેરાનો ખોટો દર લાગુ કરવો/ વર્કર્સ કોન્ટ્રાક્ટ પર વેરો વસૂલ ન કરવો / ઓછો વસૂલ કરવો, ટર્નઓવર આકારણીમાંથી છટકી જવા બાબત, વેચાણમાંથી

તથા ફોર્મ સામે ખોટી કપાત મંજુર કરવી, વધારાના વેરાની વસૂલાત ન કરવી/ઓછી કરવી, ટ્રેડમાર્કના વેચાણ પર વેરાની વસૂલાત ન કરવી, તથા પી. રજીસ્ટર ન નિભાવવા વગેરે બાબતના ઓડિટ નિરીક્ષણ કર્યા છે.

તા.૭ જુલાઈ, ૨૦૧૨ના રોજ સમિતિએ મોકલી આપેલ લેખિત ખુલાસામાં વિભાગે ઉક્ત જણાવેલ એ.જીના ફકરાઓ સાથે સંકળાયેલ તમામ કેસોની જે તે સમયની અદ્યતન સ્થિતિ જણાવી હતી.

સમિતિની તા.૨૧મી જુન, ૨૦૨૨ના રોજ મળેલ બેઠકમાં સમિતિએ વિભાગના પ્રતિનિધિને આ ફકરાઓ સંદર્ભેના કેસોમાં વસૂલાત કયા તબક્કાઓમાં છે તે પૂછતા વિભાગના પ્રતિનિધિએ તમામ કેસોને ત્રણ તબક્કામાં વહેંચ્યા હતા. જેમાં પ્રથમ તબક્કાના કેસોમાં કોઈ પ્રકારની મિલકત નથી કે વેપારી મળતા નથી. બીજા તબક્કામાં વેપારી અસ્તિત્વમાં છે પરંતુ તેની પાસે મિલકત નથી કે તેની મિલકત અંગે કોર્ટમાં કેસીસ ચાલે છે અને ત્રીજો તબક્કો એવો છે કે જ્યાં વ્યાપારીનો ધંધો બંધ છે તથા તેણે નાદારી નોંધાવી છે આ ઉપરાંત કુલ રૂ.૪૭૭૧.૯૫ રકમની વસૂલાત સામે રૂ. ૨૪૪૦.૪૦ કરોડ કોર્ટના મનાઈ હુકમને કારણે પેન્ડિંગ છે તેવું વિભાગે જણાવ્યું હતું. **સમિતિએ ચિંતા વ્યક્ત કરી જણાવ્યું હતું કે કોર્ટમાં પેન્ડિંગ કેસોનો વહેલી તકે ઉકેલ લાવવા વિભાગે સઘન પ્રયત્ન કરવા જોઈએ. બાકી વસૂલાત સંદર્ભમાં આ બાબતે કાયદા વિભાગ સાથે પરામર્શ કરવો અને જરૂર જણાય તો એડવોકેટ જનરલ સાથે રીવ્યુ કરી વહેલી તકે વસુલાત અંગેના કેસોમાં કોર્ટ દ્વારા "સ્ટે" અપાયેલ હોય તે વેકેટ કરવાની તથા પડતર કેસોનો નિકાલ લાવવા સમિતિ ભલામણ કરે છે.**

આ ઉપરાંત વેપારીઓ દ્વારા નાદારી નોંધાવાની સ્થિતિએ વિભાગની વસૂલાત કરવાની કાર્યવાહીમાં મર્યાદા આવે છે તે અંગે સમિતિમાં ચર્ચા થઈ હતી. સમિતિએ નાદારી જાહેર કરવા અંગેની પ્રયુક્તિ દ્વારા વસૂલાતમાંથી નીકળી જવાની બાબત અંગે નારાજગી દર્શાવી હતી. **સમિતિએ સૂચન કર્યુ હતું કે અન્ય રાજયોમાં વસૂલાતમાંથી બચવા વ્યાપારીઓને નાદારી જાહેર**

**કરતા રોકવા કે પોતે નાદાર જાહેર થયા બાદ અન્ય નામે ફરીથી વ્યાપાર શરૂ કરતા રોકવા કોઈ તંત્ર–વ્યવસ્થા હોય તો તેનો અભ્યાસ કરવો જોઈએ અને રાજયમાં પણ તે માટેના નિયમો ઘડવા અને ચોક્કસ તંત્ર ઉભું કરવા સમિતિ ભલામણ કરે છે.**

## ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

### ૪૧. ફકરા ક્રમાંક: ૭.૨.૭ – ભાડા પટા મંજૂર થયા પછી ભાડા પટાનો દસ્તાવેજ ન કરવો

પેટ્રોકેમિલ્સ એન્ડ નેચરલ ગેસ નિયમો – કેન્દ્ર સરકારની મંજુરીથી રાજ્યની અંદરની જમીન પર પેટ્રોલિયમ અને કુદરતી વાયુનો ખનન પટો આપવાની રાજ્ય સરકારને સત્તા આપે છે. નોંધણી નિયમ, ૧૯૦૮ હેઠળ એક વર્ષ ઉપરના સમય માટે પટો ધારણ કરવાના હક તબદિલ કરતા ખતની ફરજિયાત નોંધણી કરવી જરૂરી છે. ગુજરાતને લાગુ પડતો મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જેમાં સરેરાશ વાર્ષિક રોયલ્ટી પર નિયત કરેલા દરે ભાડા તથા ભાડાના ભાગ તરીકે પેદાશોની રોયલ્ટી અથવા હિસ્સો મળતો હોય તેવા ખાણ પટાના કેસમાં સ્ટેમ્પ શુલ્ક વસુલ કરવાની જોગવાઈ છે. જે સંદર્ભે નિયામક પેટ્રોલિયમના વર્ષ ૨૦૦૩–૦૪ થી ૨૦૦૭–૦૮ના સમયના રેકર્ડની તપાસ સમયે એ.જી એ નિરીક્ષણ કર્યું કે ભાડા પટા ખત કરવા માટેની કાર્યપદ્ધતિ વિભાગે હજી પણ ઉભી કરેલ નથી. જે પૈકી ૧૩ કેસોમાં ભાડા પટા ખત ન કરતા રૂ. ૮.૬૭ કરોડનું સ્ટેમ્પ શુલ્ક વસૂલ થયું ન હતુ. વધુમાં ૧૧ કેસોમાં રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારમાં પડતર મંજૂરીઓનું અનુસરણ (ફોલોઅપ) ન કરતાં તથા ભાડા પટા કરાર કરવાની પદ્ધતિ ન હોવાને કારણે બે કેસોમાં રાજ્ય સરકાર ૯.૪૬ કરોડના સ્ટેમ્પ શુલ્ક મેળવવાથી વંચિત રહ્યુ હતુ.

તા. ૩૧ જૂલાઈ, ૨૦૧૨ના રોજ સમિતિને મોકલી આપેલ લેખિત ખુલાસામાં વિભાગે જણાવ્યું હતુ કે તા.૨૯/૦૫/૦૬ના પ્રત્યુતરથી ભારત સરકારે સ્પષ્ટતા કરી હતી કે રાજ્ય સરકારને ઓપરેટર્સ સાથે લીઝ ડીડ પર

સહી કરવા માટે ભારત સરકારની મંજૂરીની જરૂર નથી. વધુમાં આ સૂચિત લીઝ ડીડને રાજ્ય સરકારના કાયદા વિભાગ પાસે ચકાસણી કરાવતાં કાયદા વિભાગે આ સૂચિત લીઝ ડીડ અમુક સુધારાઓ સાથે ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને પરત મોકલી આપ્યુ હતુ. જેથી હવે વિભાગે તે મુજબ એક કાર્યપધ્ધતિને અનુસરવાનું રહે છે. વધુમાં વિભાગે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતુ કે નિયામકની કચેરીની સ્ટેમ્પ ડ્યુટીની ચૂકવણી સંદર્ભે કોઈ ભૂમિકા નથી હોતી, પરંતુ માત્ર તેનો અમલ થાય તે જોવાની જ જવાબદારી હોય છે. વધુમાં સ્ટેમ્પ ડ્યુટીની ગણતરી અંગે ઓ.એન.જી.સી અને રાજ્ય સરકારની સુપ્રિટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પ ડ્યુટીની કચેરી વચ્ચે મતભેદ થયેલ હતો. તેથી મહેસૂલ અને કાયદા વિભાગ દ્વારા પરામર્શ કરી આગળ કાર્યવાહી કરવામાં આવેલ.

તા. ૨૮મી જુલાઈ, ૨૦૧૫ના રોજ સમિતિની બેઠકમાં રૂબરૂ હાજર રહેલા વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું કે સ્ટેમ્પ ડ્યુટી વેલ્યુએશન બાબતમાં થોડાક મતભેદ હતા. પેટ્રોલિયમ નેચરલ ગેસ રૂલ્સના પ્રોવીઝન મુજબ ડેડ રેન્ટ અથવા તો રોયલ્ટી જેમાંથી વધારે હોય તે અને સરફેસ રેન્ટ વત્તા સિક્યોરીટી ડીપોઝીટ ઉપર સ્ટેમ્પ ડ્યુટી ફિક્સ કરવાની થાય પરંતુ રાજય સરકારના પરિપત્રમાં આ બાબતો ચોક્કસ ન હતી જેથી વિવાદો થતા હતા. જેના માટે મહેસૂલ વિભાગ સાથે મળી સ્ટેમ્પ ડ્યુટી ગણવા અંગેની સુધારણા કરવા વિભાગે નક્કી કર્યુ હતુ. એ.જી દ્વારા આ વિસંગતતા બાબત ૨૦૦૮-૦૯ના ઓડીટ અહેવાલમાં નિરીક્ષણ છતાં સ્ટેમ્પ ડ્યુટીની સુધારણા માટે મહેસુલ વિભાગ સાથે સમિતિ સમક્ષ રૂબરૂ ખુલાસો કરવા ઉપસ્થિત થવાનું હોવાથી સમિતિની બેઠકના ૨૦ દિવસ પહેલાં ૮ જૂલાઈ, ૨૦૧૫ના રોજ બેઠક મળવા અંગે સમિતિએ ગંભીર નોંધ લીધી છે.

**તા.૨૮ જુલાઈ, ૨૦૧૫ ના રોજ સમિતિ સમક્ષ રૂબરૂ ઉપસ્થિત થયેલ વિભાગના પ્રતિનિધિના જણાવ્યા મુજબ મહેસૂલ વિભાગના અગ્ર સચિવ તથા ઓ.એન.જી.સી.ના પ્રતિનિધિની ઉપસ્થિતિમાં નક્કી કરવામાં આવ્યું હતું કે આ બાબતમાં સુધારો કરવાની જરૂર છે અને**

**પી.એન.જી.આર.ના નિયમો હેઠળ જે જોગવાઈ રાખેલ છે એ પ્રમાણે કરવા માટેની દરખાસ્ત હવે સરકારમાં પ્રોસેસ શરૂ કરી રહ્યા છીએ. આ વાતને સાત વર્ષ જેટલો લાંબો સમય થયો હોવા છતાં આ અંગે સમિતિને કોઈ જાણ કરવામાં આવી નથી. આ બાબતમાં આખરી શી પરિસ્થિતિ છે તેની સમિતિને જાણ કરવા સમિતિ ભલામણ કરે છે.**

## ૪૨. ફકરા ક્રમાંક – ૭.૨.૮.૨ બેઈઝ, સેડીમેન્ટ અને પાણીની કપાતને બે વખત બાદ આપવાથી રોયલ્ટી ઓછી વસૂલ થવી.

નિયામક પેટ્રોલિયમ, ગાંધીનગરની કચેરીની ચકાસણીમાં એ.જી.ને જાણવા મળ્યુ કે ૨૦૦૩–૦૪ અને ૨૦૦૪–૦૫ (ડીસે–૦૪ સુધી) ના સમયમાં ગુજરાત સરકારે ક્રુડ ઓઈલ અને કુદરતી ગેસના ૪૦ ભાડા પટા મહેસાણામાં ઓ.એન.જી.સી.ને આપ્યા હતા. ભાડા પટે રાખનારના ઉત્પાદન પત્રકની વાર્ષિક ઉત્પાદનના પત્રક સાથે ઉલટ ખરાઈમાં જાણવા મળ્યુ કે બે વખત બેઈઝ, સેડીમેન્ટ અને પાણીની કપાત આપ્યા બાદ ચોખ્ખા ઉત્પાદન ઉપર રોયલ્ટી ભરવામાં આવી હતી. ઉત્પાદન પત્રકને વાર્ષિક ઉત્પાદન મેળવણી પત્રક સાથે ઉલટ ખરાઈ કરવામાં નિષ્ફળ જતા રૂ. ૫.૧૨ કરોડની રોયલ્ટી ઓછી વસૂલ થઇ હતી.

સમિતિને તા. ૩૧ જૂલાઈ, ૨૦૧૨ના રોજ મોકલી આપેલ લેખિત ખુલાસામાં વિભાગે જણાવ્યુ હતુ કે ઓપરેટર દ્વારા પૂરા પાડવામાં આવેલ 'મંથલી રિટર્ન' માં જણાવેલ ઉત્પાદનનો જથ્થો અને રાજ્ય સરકારની રોયલ્ટીની ચૂકવણી માટે ગણતરીમાં લેવામા આવેલ ઉત્પાદનનો જથ્થો એકસરખા છે. તેથી એ.જી. એ જણાવ્યા મુજબ રોયલ્ટીની ઓછી વસૂલાત થઈ નથી.

વિભાગની તા. ૨૮મી, જુલાઈ, ૨૦૧૫ના રોજ રૂબરૂ તપાસમાં હાજર રહેલ વિભાગના પ્રતિનિધિએ ક્રુડ રોયલ્ટી કયા તબક્કા પરથી ગણવાની હોય છે તેમ સમિતિની પૃચ્છાના જવાબમાં જણાવ્યુ હતુ કે મહેસાણાથી જે ક્રુડ અમદાવાદ ડીસ્ચાર્જ થાય અને તેનુ ફીનીશીંગ કરી જે

રિફાઈનરીને જરૂરિયાત હોય તેને મોકલાય છે તે વખતના નેટ ડિસ્પેચ ઉપર રોયલ્ટી ગણવાની હોય છે. જે તે સમયે ઉત્પાદન પત્રકનુ વાર્ષિક ઉત્પાદન મેળવણી પત્રક સાથે મેળવણુ ન કરાતુ હોવાનો વિભાગે સ્વીકાર કર્યો હતો. વિભાગ દ્બારા હવેથી આ મેળવણું કરવામાં આવે છે તેમ વિભાગના પ્રતિનિધિએ જણાવતાં સમિતિએ વધુ તપાસ કરતા આ બાબતે વિભાગે કોઈ સ્થાયી સૂચના જારી કરી છે કે કેમ તેમ પૃચ્છા કરતા વિભાગે તેનો ઈન્કાર કર્યો હતો. **સમિતિએ તત્સમયે ભલામણ કરી હતી કે ઉત્પાદન પત્રકનું વાર્ષિક ઉત્પાદન મેળવણી પત્રક સાથે ફરજીયાતપણે ઉલટ ખરાઈ થાય તે માટે સરકારે સ્થાયી સૂચનાઓ પ્રસિધ્ધિ કરવી અને તેનું ચુસ્તપણે પાલન થાય તે સુનિશ્ચિત કરવું. આવી સ્થાયી સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવી છે કે કેમ તેની સમિતિને જાણ કરવા સમિતિ ભલામણ કરે છે.**

## ૪૩. ફકરા ક્રમાંક– ૭.૨.૯ – સરફેસ રેન્ટમાં સુધારો ન કરવાથી મહેસૂલ જતુ કરવું

પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ રૂલ્સના નિયમ–૧૩(૨) ની જોગવાઈ છે કે ભાડાપટ્ટેદારે ભાડાપટ્ટાની જેટલી જમીનનો સંચાલન માટે ઉપયોગ કર્યો હોય તે પ્રમાણે જમીન મહેસૂલથી વધે નહી તેમ સરફેસભાડુ ભરવાનું રહેશે. વર્ષો અગાઉ સરકારે જે ભાડાના દર નક્કી કર્યા ત્યારબાદ તેની સમયાંતરે સમીક્ષા અને દરની સુધારણાના અભાવે ૨૦૦૩–૦૪ થી ૨૦૦૭–૦૮ ના સમયગાળામાં નિયામક, પેટ્રોલિયમ, ગાંધીનગરની કચેરીના રેકર્ડ પરથી એ.જી.ને ધ્યાને આવ્યુ હતુ કે, રૂ.૩.૫૭ કરોડનું મહેસૂલ સરકારે જતુ કરવુ પડ્યુ હતુ.

સમિતિને તા.૩૧ જૂલાઈ, ૨૦૧૨ના રોજ મોકલી આપેલ લેખિત ખુલાસામાં વિભાગે જણાવ્યુ હતુ કે, રાજ્ય સરકારના તા.૨૨/૦૮/૧૯૬૮ ના જાહેરનામાથી સરફેસ રેન્ટનો દર રૂ.૧૦૦૦૦/– પ્રતિ ચો.કી.મી. નક્કી કરેલ હતો.પી.એન.જી. રૂલ્સ–૧૩(૨) મુજબ કેન્દ્ર સરકારની પૂર્વમંજૂરીથી સરફેસ રેન્ટમાં સુધારો કરી શકાતો હોઇ તે અર્થે તા.૦૨/૦૩/૨૦૧૫ અને

તા.૦૬/૦૫/૨૦૧૫ ના પત્રોથી કેન્દ્ર સરકારને દર સુધારણા અર્થે વિનંતી કરેલ છે.

સમિતિની તા.૨૮મી, જુલાઈ, ૨૦૧૫ના રોજ બેઠકમાં રૂબરૂ હાજર રહેલ વિભાગના પ્રતિનિધિએ સમિતિને આ સરફેસ ભાડાના વધારા અંગેની માહિતી આપતા જણાવ્યુ કે સરફેસ ભાડુ વધારવા કેન્દ્ર સરકારની મંજૂરી લેવાની રહેતી હોવાથી રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને ૨ જી માર્ચ, ૨૦૧૫ અને ૬ મે, ૨૦૧૫ ના રોજના પત્રોથી આ દરોમાં સુધારા કરવા વિનંતી કરેલ છે. સમિતિને વર્ષ ૧૯૬૪ના સરફેસ ભાડાને સુધારવાની તાતી જરૂરીયાત જણાય છે. **આથી પી એન્ડ જી રૂલ્સ ૧૩(૨) માં ખાસ જોગવાઈ મુજબ રાજ્ય સરકારે કેન્દ્ર સરકારની પૂર્વ મંજૂરીથી જમીન મહેસૂલના દર થી વધે નહિ તે મુજબના દરે સરફેસ ભાડા આકારી શકવાના અધિકારો પ્રાપ્ત કરવા તેમજ ઉક્ત જોગવાઈ રાજ્ય સરકારના ભાડા વસૂલવા અંગેના બંધારણીય અધિકારોથી વિપરીત હોય તો તેના વાયરસ ચેલેન્જ કરીને પણ કાયદાકીય હકો પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો. આ સંદર્ભે કાયદાકીય સલાહ પ્રાપ્ત ન થાય તો કેન્દ્ર સરકાર સામેના રાજ્યના પડતર પ્રશ્નોમાં આ મુદ્દાનો સમાવેશ કરીને તાત્કાલિક કેન્દ્ર સરકાર રાજ્ય સરકારને આ અંગેનો સરફેસ ભાડાના દર વધારવાની પૂર્વમંજૂરી આપે તે માટે પ્રયત્નો કરવા સમિતિએ બેઠક વખતે ભલામણ કરી હતી. આ બાબતમાં આખરી પરિસ્થિતિની સમિતિને જાણ કરવા સમિતિ ભલામણ કરે છે.**

## ૪૪. ફકરા ક્રમાંક– ૭.૨.૧૦.૧ તેલ અને કુદરતી પટાનુ નિરીક્ષણ ના કરવુ

રાજ્યમાં ચાલતી ખાણકામની પ્રવૃત્તિઓનો ચાંપતી નજર હેઠળ વ્યવસ્થિત વિકાસ અને નિયમન થાય, ખનીજના ખોદકામમાં ભાડાપટ્ટાની શરતોનું કાયદેસર પાલન થાય તેમજ માનવજીવન અને પર્યાવરણને રક્ષણ મળે તે જોવાની રાજ્ય સરકારની ફરજ બને છે. આ સંદર્ભે ઓડિટે એ નિરીક્ષણ કર્યુ હતુ કે ૨૦૦૩–૦૪ થી ૨૦૦૭–૦૮ ના સમયગાળામાં સંચાલન હેઠળના

૧૭૮ ભાડાપટ્ટામાંથી એકપણ ભાડાપટ્ટાનું નિરીક્ષણ કરવામાં આવ્યુ ન હતુ.

સમિતિને તા. ૩૧ જૂલાઈ, ૨૦૧૨ના રોજ મોકલી આપેલ લેખિત ખુલાસામાં વિભાગે જણાવ્યુ હતુ કે પેટ્રોલિયમ અને નેચરલ ગેસ નિયમો–૧૯૫૯ ના નિયમ–૨૪ અને ૩૨ મુજબ ઓઈલ ફિલ્ડની જાળવણી અને વિકાસ એ કેન્દ્ર સરકારના નિયંત્રણની બાબતો છે. તેમ છતા, રાજ્ય સરકારે ઓઈલ ફિલ્ડનું નિરીક્ષણ સમયાંતરે થાય તે માટે થઈ એક વાહન તથા કર્મચારીઓની નિમણૂકને મંજૂરી આપેલ છે.

સમિતિની તા.૨૮મી, જુલાઈ, ૨૦૧૫ના રોજની બેઠકમાં રૂબરૂ હાજર રહેલા વિભાગના પ્રતિનિધિએ આ સંદર્ભે સમિતિને જણાવ્યુ કે, નિયામકશ્રી, પેટ્રોલિયમ કચેરી  પાસે સિમિત સ્ટાફ હોવાથી જોઈએ તેટલુ નિરીક્ષણ તેઓ કરી શકતા નથી. પરંતુ હવે આ કચેરીમાં સ્ટાફ વધારવાની રાજ્ય સરકારમાં દરખાસ્ત કરી છે. જેથી ભવિષ્યમાં કચેરી દ્વારા અસરકારક નિરિક્ષણો કરી શકાશે. **આથી સરકારે નિયામક, પેટ્રોલિયમ કચેરીને અલાયદો સ્ટાફ ફાળવી કચેરીનું સશક્તિકરણ કરીને ભાડાપટ્ટાનું સમયાંતરે નિરિક્ષણ થાય તે સુનિશ્ચિત કરવા સમિતિએ બેઠક વખતે ભલામણ કરી હતી. આ બાબતમાં શી કાર્યવાહી કરવામાં આવી તેની સમિતિને જાણ કરવા સમિતિ ભલામણ કરે છે.**

## ઉદ્યોગ– ખાણ વિભાગ

### ૪૫. ફકરા ક્રમાંક – ૭.૨.૧૭ ભાડા પટા માટેની અરજીઓ પર પ્રક્રિયા કરવામાં વિલંબ

આ ફકરામાં એ.જી.એ ગુજરાત સરકારની ખનીજ નીતિ  ૨૦૦૩ની જોગવાઈ–ખોદકામ અને કવોરી ભાડા પટા માટેની અરજીનો અનુક્રમે એક વર્ષ અને ત્રણ મહિનામાં નિકાલ કરવા સંબંધે ભુસ્તર અને ખાણ આયુકત કચેરીની કામગીરીનું ઓડિટ કર્યું છે.

ઓડિટ દરમ્યાન ધ્યાન પર આવ્યું હતું કે કચેરી દ્વારા અરજીઓના નિકાલ માટે કોઈ તંત્રની ગોઠવણી કરી ન હતી જેના લીધે વિવિધ સ્તરે અરજીના નિકાલમાં થયેલ વિલંબની જાણકારી સરકારને રહેતી ન હતી.

તા.૧૮ જાન્યુઆરી, ૨૦૧૨ના રોજ સમિતિને મોકલી આપેલ લેખિત ખુલાસામાં વિભાગે જણાવ્યું હતુ કે ભાડા પટા આપવામાં અને નિયમન કરવામાં થતી ઢીલ નિવારવા માટે એક સંકલન-સહ-સત્તાધારી સમિતિની રચના સપ્ટેમ્બર, ૨૦૦૯માં કરવામાં આવી છે. વધુમાં અરજી નિકાલ માટે યોગ્ય પદ્ધતિ નક્કી કરી સમયમર્યાદામાં અરજીઓનો નિકાલ કરવામાં આવશે. આ પદ્ધતિથી કુલ ૧૯૧૮ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ હોવાનું સમિતિને જણાવેલ છે.

તા.૮મી જુન, ૨૦૧૬ના રોજની સમિતિની બેઠકમાં હાજર રહેલા વિભાગના પ્રતિનિધિએ અરજીઓના નિકાલ અંગે જણાવ્યું હતું કે નવા આવેલા માઈન્સ એન્ડ મીનરલ ડેવલપમેન્ટ રેગ્યુલેશન એકટ મુજબ તમામ ખનીજો હરાજી દ્વારા જ નિકાલ કરવાના થાય છે. સમિતિ દ્વારા નવા આવેલા કાયદાના અમલ અગાઉની અરજીઓના નિકાલ અંગે વિભાગે શો નિર્ણય કર્યો છે તેમ પૂછતા વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે જુની તમામ અરજીઓ હવે નામંજુર થઈ ગઈ છે. વર્ષ ૨૦૦૩-૦૪થી લઈ ૨૦૦૭-૦૮ સુધીમાં બાકી અરજીઓની મોટી સંખ્યા સમિતિને ધ્યાને આવી હતી. આ ઉપરાંત સુપ્રિમ કોર્ટના તા. ૨૭-૨-૨૦૧૨ના ચુકાદા પછી જુન-૨૦૧૯માં એટલે કે જે તે સમયે વિભાગની તપાસ માટે મળેલ બેઠકના દિવસ સુધીમાં પણ માઈનર મીનરલની બાબતમાં ખાસ કરીને પોતાની જાતે મીનરલનું માઈનીંગ કરવા માંગતા જમીન માલિકો અંગે વિભાગે નિર્ણય ન લેતા સમિતિએ ખેદ પ્રગટ કરતાં **સમિતિએ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા, ભારત સરકારની માર્ગદર્શિકા તેમજ તા.૦૪/૦૫/૨૦૧૬ના રોજના ગુજરાત હાઈકોર્ટના નિર્ણયને ધ્યાને લઈ સરકાર પોતાનું હિત તેમજ માઈનર મીનરલ્સ ધરાવતી જમીનોના માલિકોને ઓછી અડચણ પડે અને પારદર્શક તેમજ સરળતાથી માઈનીંગ થઈ શકે તે માટે યોગ્ય નિયમો અને**

**કાર્યપધ્ધતિ નકકી કરવાની સંપૂર્ણ પ્રક્રિયા ત્રણ મહિનામાં પૂર્ણ કરવા તેમજ આ નિયમોમાં રાજ્યના આદિવાસીઓનું હિત જળવાય તે પ્રકારે સમતા અને પેસા કાયદા અંગેના સુપ્રિમ કોર્ટના નિરીક્ષણોને ધ્યાને લઈ યોગ્ય જોગવાઈ/ નિયમો સામેલ કરવા ભલામણ કરી હતી. આ બાબતે શી કાર્યવાહી કરવામાં આવી તેની સમિતિને જાણ કરવા સમિતિ ભલામણ કરે છે.**

**૪૬. ફકરા ક્રમાંક–૭.૨.૧૯ કોર્ટના હુકમ પરની અનુવર્તી કાર્યવાહી ન કરવાને કારણે રોયલ્ટીની વસૂલાત ન થવી**

માઈન્સ એન્ડ મીનરલ્સ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટની કલમ ૪ મુજબ ખોદકામ માટે આપવામાં આવેલા ભાડા પટાની શરતો મુજબ તે સિવાય કોઈપણ વિસ્તારમાં કોઈ વ્યકિત કોઈપણ પ્રકારની ખોદકામ પ્રક્રિયા કરશે નહી. આ જોગવાઈના ઉલ્લંઘનનો એક કિસ્સો સન ૨૦૦૨–૦૩ના સી.એ.જી.ના ઓડીટ રિપોર્ટના ફકરા ક્રમાંક – ૭.૩.૨૪માં નોંધાયેલ છે. આ સંદર્ભે ગુજરાતની વડી અદાલતે વડોદરા ભૂસ્તર વિજ્ઞાનીને ૧૫ એપ્રિલ, ૨૦૦૨ સુધીમાં કયા સમય માટે રોયલ્ટીની વસૂલાત કરવાની છે તે અલગ દર્શાવીને ભાડા પટા ધરાવનારને નવી કારણદર્શક નોટીસો પાઠવવા હુકમ કર્યો હતો. આ સંદર્ભમાં  એ.જી.એ રેકર્ડ ચકાસતા ભૂસ્તર કચેરી, વડોદરા દ્વારા કોઈ નવી નોટીસ પાઠવી નથી તે ધ્યાને આવ્યુ હતુ. દરમિયાન અદાલતે બે મહિનાનો વધારાનો સમય આપવા છતાં સંબંધિત કચેરી નોટીસ પાઠવી શકી ન હતી. આ દરમિયાન જાન્યુઆરી ૨૦૦૩માં કચેરીનો રેકર્ડ આગમાં નાશ પામતા કચેરી નવી નોટીસ પાઠવી શકી ન હતી. આમ કચેરી કામગીરીમાં વિલંબના લીધે ૧૨.૫૦ કરોડ વસૂલ થઈ શકયા ન હતા.

સમિતિને તા. ૧૮ જાન્યુઆરી, ૨૦૧૨ના રોજ મોકલી આપેલ લેખિત ખુલાસામાં વિભાગે જણાવ્યું હતું કે જાન્યુઆરી ૨૦૦૩માં કચેરીમાં રેકર્ડ બળી જવા પામેલ હોઈ ખાતા દ્વારા મુદત લંબાવી આપવા હાઈકોર્ટ

સમક્ષ રજૂઆત કરેલ હતી. જે નામદાર કોર્ટે માન્ય રાખી ન હતી. તેના પરિણામે ખાતા દ્વારા નવેસરથી લીઝની માપણી કરી તે મુજબની નવી નોટીસ પાઠવવામાં આવશે.

તા.૮ જુન, ૨૦૧૬ના રોજની સમિતિની બેઠકમાં ઉપસ્થિત રહેલા વિભાગના પ્રતિનિધિએ વસૂલાતની અદ્યતન પરિસ્થિતિ અંગે સમિતિએ માહિતી આપતા જણાવ્યું કે આજની તારીખ સુધી વસૂલાતની નોટીસ ઈશ્યુ કરવામાં આવેલ નથી તથા હવે રિસર્વે કરી વસૂલાત અંગેની આગળની કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવશે. વસૂલાતની કાર્યવાહીમાં થયેલ અક્ષમ્ય વિલંબ માટે જવાબદારો અંગે સમિતિએ પૃચ્છા કરતા વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું કે જે તે વખતે જવાબદાર અધિકારીને કારણદર્શક નોટીસ પાઠવવામાં આવેલ પરંતુ આજે તે અધિકારી નિવૃત થઈ ગયા છે તેમજ કચેરીનો રેકર્ડ બળી ગયેલ છે. અદાલતના હુકમ પછી કસુરદારોને નોટીસ પાઠવવામાં થયેલ ઢીલ અને સરકારે આ સંદર્ભે પગલાં લેવામાં કરેલ સાત વર્ષ જેટલો વિલંબ અંગે **સમિતિએ સખત નારાજગી વ્યકત કરી હતી અને ભલામણ કરી હતી કે વિભાગ દ્વારા આ કેસમાં રોયલ્ટી વસૂલવાની કાર્યવાહી વહેલી તકે પૂર્ણ કરવામાં આવે. આ બાબતમાં થયેલ કાર્યવાહીની સમિતિને જાણ કરવા સમિતિ ભલામણ કરે છે.**

## ૪૭. ફકરા ક્રમાંક–૭.૨.૨૧ માર્લ પર રોયલ્ટીની ઓછી વસૂલાત

ભૂસ્તર વિજ્ઞાન અને ખાણ આયુકત દ્વારા માર્લની રોયલ્ટીના દર ૧ એપ્રિલ ૨૦૦૩ના રોજ પાશ્વાતવર્તી અસરથી રૂ.૪ પ્રતિ મે.ટ.થી વધારી રૂ.૨૦ પ્રતિ મે.ટ. કર્યા હતા. જે અન્વયે પટેદારો દ્વારા ગુજરાત વડી અદાલતમાં અરજી કરેલ હતી. આ કેસ સંદર્ભે કોર્ટે બીજો હુકમ ન થાય ત્યાં સુધી પટેદારોને રૂ.૧૨ પ્રતિ મે.ટ.ના કામચલાઉ દરે રોયલ્ટી અને પાછલી બાકી રકમના ૫૦% ભરી દેવા જણાવેલ પરંતુ ત્યારબાદ પટેદારોની 'લેટર્સ પેટન્ટ અપીલ' સંદર્ભે વડી અદાલતે બાકી રકમના ચૂકવણા માટે વચગાળાનો સ્ટે આપેલ પરંતુ અગાઉના ચુકાદામાં જણાવેલ કામચલાઉ

દરની રોયલ્ટી વસૂલાતની બાબત હજી ચાલુ રહેતી હતી. આ હુકમ સંદર્ભે એ.જી.એ ભૂસ્તર વિજ્ઞાની જુનાગઢના રેકર્ડ ચકાસતા કચેરીએ ફેબ્રુઆરી ૨૦૦૮ પછી પણ ૪ પ્રતિ મે.ટ.ના જુના દરે જ રોયલ્ટી વસૂલ કરી હતી જેના કારણે સરકારને રૂ.૪૬.૬૦ લાખનું નુકશાન થવા પામ્યું હતુ.

સમિતિને તા. ૧૮ જાન્યુઆરી, ૨૦૧૨ના રોજ મોકલી આપેલ લેખિત ખુલાસામાં વિભાગે જણાવ્યું હતું કે તા. ૧૩–૧૦–૧૬ના રોજના કમિશ્નર શ્રી, ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતાના પત્રથી વધારેલ માર્લ ખનીજની રોયલ્ટીના વિરોધમાં મે. અંબુજા સિમેન્ટ તથા મે.ગુજરાત સિદ્ધિ સિમેન્ટ દ્વારા હાઇકોર્ટમાં અપીલ કરેલ હતી. જે સંદર્ભે નામ. હાઇકોર્ટ દ્વારા માર્લ ખનીજ માટે નવો કામચલાઉ દર રૂ.૧૨ પ્રતિ ટન નક્કી કરી આપતા આ તફાવતની રકમ કંપની દ્વારા બે હપ્તામાં ભરપાઇ કરી આપેલ છે.

તા. ૮મી જુન,૨૦૧૬ના રોજની સમિતિની બેઠકમાં રૂબરૂ હાજર રહેલ વિભાગના પ્રતિનિધિએ સમિતિને જણાવ્યું હતુ કે આ કેસમાં તફાવતની જે રકમ હતી તેની વસૂલાત હવે થઈ ગઈ છે. સમિતિએ આ વસૂલાતથી સંતોષ ન માનતા ઓછી વસૂલાત તેમજ કોર્ટના હુકમનું પાલન કરવા સબબ જે તે અધિકારીશ્રી/કમિશ્નરશ્રીની જવાબદારી નકકી કરવા જણાવ્યું હતું. **આથી સમિતિ ભલામણ કરે છે કે આ બાબતમાં જે અધિકારી/કર્મચારી સંકળાયેલ હોય તેની જવાબદારી નકકી કરવામાં આવે અને ખાતાકીય રાહે સખ્ત શિક્ષાત્મક પગલાં ભરવામાં આવે. વધુમાં વિભાગ એવુ તંત્ર પણ ઉભુ કરે કે જેથી રોયલ્ટીના જે દર વસૂલવામાં આવે છે તેમાં સરતચૂક, ગેરરીતિ કે અન્ય બાબતથી સરકારની તિજોરીમાં થતી આવકને વિપરીત અસર થાય નહી.**

**૪૮.** વધુમાં આ વર્ષના ઓડિટ અહેવાલના ફકરાઓના વિભાગે આપેલ વિગતવાર ખુલાસાથી સમિતિએ સંતોષ વ્યક્ત કર્યો હોય તે ફકરાઓનો આ અહેવાલમાં સમાવેશ કરવામાં આવેલ નથી.

**૪૯.** ખર્ચમાં કરકસર કરવાના આશયથી સમિતિએ તેની કાર્યવાહીને શબ્દશ: નહીં છપાવવાનો નિર્ણય લીધો છે. તેમ છતાં શબ્દશ: કાર્યવાહીની સાઇક્લોસ્ટાઇલ કરેલી ત્રણ નકલો હંમેશ મુજબ ગુજરાત વિધાનસભા ગ્રંથાલયમાં રાખવાનો સમિતિએ નિર્ણય કર્યો છે.

**૫૦.** સમિતિ એકાઉન્ટન્ટ જનરલ ઓડિટ–૧ અને ઓડિટ–૨, નાણા વિભાગના સચિવ અને ગુજરાત વિધાનસભા સચિવાલયના અધિકારીઓ તથા કર્મચારીઓએ સમિતિના કામકાજમાં આપેલી અમૂલ્ય સહાય બદલ તેમનો આભાર માને છે.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા.૧૩/૦૯/૨૦૨૨**

**પુંજાભાઈ વંશ,**
**પ્રમુખ,**
**જાહેર હિસાબ સમિતિ**

---------

# નિરિક્ષણો/તારણો/ભલામણોનો ટૂંકસાર

| ક્રમ | ફકરા નંબરનો સંદર્ભ | નિરિક્ષણો/તારણો/ભલામણોનો ટૂંકસાર |
|---|---|---|
| **૧** | **૨** | **૩** |
| **સી.એ.જી. ઓડીટ અહેવાલ (મુલ્કી)** | | |
| **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ** | | |
| ૧ | ૩૫ | બાળ સંરક્ષણ ગૃહો તથા જુવેનાઈલ જસ્ટિસ એક્ટની અમલકર્તા કચેરીઓનાં મહેકમ પર કાયમી જગ્યા નક્કી કરી જે તે કક્ષા પર કાયમી ભરતી કરવી.<br>જિલ્લા કક્ષાના બાળ સંરક્ષણ ગૃહોમાં રહેલા બાળકોના આરોગ્યનું નિયમિત ચેકઅપ કરવામાં આવે તથા તેમને જરૂરિયાત હોય તેવી દવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે. આ ઉપરાંત જે તે બાળ સંરક્ષણ ગૃહમાં વાહનની જરૂરિયાત અંગેની ચકાસણી કરાવીને તેમને જરૂરિયાત સમયે વાહન મળી જ રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવે.<br>આથી બાળક દત્તક મેળવવા અંગેની સમગ્ર પ્રક્રિયામાં વિલંબ નિવારીને ઓછી સમયમર્યાદામાં આ સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા સમિતિ ભલામણ કરે છે. |
| **જળસંપત્તિ પ્રભાગ** | | |
| ૨ | ૩૬ | આથી ખેડુતો પાસે જે રકમ લેવાની થાય તેની વસુલાત કરી સમિતિને જાણ કરવામાં આવે. તેમજ આવી પરિસ્થિતિનું પુનરાવર્તન ભવિષ્યમાં ન થાય તેની તકેદારી રાખવા સમિતિ ભલામણ કરે છે. |

| ક્રમ | ફકરા નંબરનો સંદર્ભ | નિરિક્ષણો/તારણો/ભલામણોનો ટૂંકસાર |
|---|---|---|
| **૧** | **૨** | **૩** |
| | | **શિક્ષણ વિભાગ** |
| ૩ | ૩૭ | ઓડીટના જણાવ્યા મુજબ આ શરત ભંગ પેટે સંસ્થા રૂ.૩૩.૫૬ લાખ વ્યાજ પેટે ચુકવવા જવાબદાર ઠરે છે. સંસ્થાની કામગીરી પ્રસંશનીય છે તેમાં બેમત નથી પરંતુ સમિતિને લાગે છે કે પ્રસ્તુત કિસ્સામાં સંસ્થા દ્વારા ગંભીર નાણાકીય અશિસ્ત દાખવવામાં આવી છે. ભવિષ્યમાં આવી બાબતમાં કાળજી રાખવા સમિતિ ભલામણ કરે છે. સમિતિના ધ્યાન પર આવ્યું હતું કે ગ્રાન્ટની ઉચ્ચત્તમ મર્યાદા રૂ. ૧ કરોડ સન ૧૯૯૦થી નક્કી કરવામાં આવી છે. આ મર્યાદા ઘણા વર્ષો પહેલા નક્કી કરવામાં આવી હોઈ તેમાં યથાયોગ્ય વધારો કરવા સમિતિ આથી ભલામણ કરે છે. |
| | | **વન અને પર્યાવરણ વિભાગ** |
| ૪ | ૩૮ | આથી રાજ્યના વનોના અસરકારક વ્યવસ્થાપન માટે રાષ્ટ્રીય વન નીતિના વ્યાપક પરીપ્રેક્ષ્યના મર્યાદામાં તમામ મુદ્દાઓનો સર્વગ્રાહી અભ્યાસ કરીને વહેલામાં વહેલી તકે રાજ્યની વન નીતિ જાહેર કરવામાં આવે અને તેના થકી રાજ્યનો વન વિસ્તાર પણ સુનિશ્ચિત કરવા સમિતિ ભલામણ કરે છે. |

| ક્રમ | ફકરા નંબરનો સંદર્ભ | નિરિક્ષણો/તારણો/ભલામણોનો ટૂંકસાર |
|---|---|---|
| **૧** | **૨** | **૩** |
| ૫ | ૩૯ | આથી સમિતિ ભલામણ કરે છે કે, વન્ય પશુઓ દ્વારા પાલતુ પશુઓના જે મૃત્યુ નિપજાવવામાં આવે છે તે અંગેની વળતર ચૂકવવા અંગેની  અલગ અલગ માર્ગદર્શિકામાં સુધારો કરી પાલતુ પશુઓના વર્તમાન  બજાર ભાવને ધ્યાને લઇ પશુપાલકોને સહાય આપવામાં આવે. |
| **સી.એ.જી.નો ઓડિટ અહેવાલ<br>(મહેસૂલ પ્રાપ્તિ)** | | |
| **નાણા વિભાગ** | | |
| ૬ | ૪૦ | સમિતિએ ચિંતા વ્યક્ત કરી જણાવ્યું હતું કે કોર્ટમાં પેન્ડિંગ કેસોનો વહેલી તકે ઉકેલ લાવવા વિભાગે સઘન પ્રયત્ન કરવા જોઈએ. બાકી વસૂલાત સંદર્ભમાં આ બાબતે કાયદા વિભાગ સાથે પરામર્શ કરવો અને જરૂર જણાય તો એડવોકેટ જનરલ સાથે રીવ્યુ કરી વહેલી તકે વસુલાત અંગેના કેસોમાં કોર્ટ દ્વારા "સ્ટે" અપાયેલ હોય તે વેકેટ કરવાની તથા પડતર કેસોનો નિકાલ લાવવા સમિતિ ભલામણ કરે છે.<br>સમિતિએ સૂચન કર્યું હતું કે અન્ય રાજયોમાં વસૂલાતમાંથી બચવા વ્યાપારીઓને નાદારી જાહેર કરતા રોકવા કે પોતે નાદાર જાહેર થયા બાદ અન્ય નામે ફરીથી વ્યાપાર શરૂ કરતા રોકવા કોઈ તંત્ર–વ્યવસ્થા હોય તો તેનો |

| ક્રમ | ફકરા નંબરનો સંદર્ભ | નિરિક્ષણો/તારણો/ભલામણોનો ટૂંકસાર |
|---|---|---|
| **૧** | **૨** | **૩** |
| | | અભ્યાસ કરવો જોઈએ અને રાજયમાં પણ તે માટેના નિયમો ઘડવા અને ચોક્કસ તંત્ર ઉભું કરવા સમિતિ ભલામણ કરે છે. |
| | **ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ** | |
| ૭ | ૪૧ | તા.૨૮ જુલાઈ, ૨૦૧૫ ના રોજ સમિતિ સમક્ષ રૂબરૂ ઉપસ્થિત થયેલ વિભાગના પ્રતિનિધિના જણાવ્યા મુજબ મહેસૂલ વિભાગના અગ્ર સચિવ તથા ઓ.એન.જી.સી.ના પ્રતિનિધિની ઉપસ્થિતિમાં નક્કી કરવામાં આવ્યું હતું કે આ બાબતમાં સુધારો કરવાની જરૂર છે અને પી.એન.જી.આર.ના નિયમો હેઠળ જે જોગવાઈ રાખેલ છે એ પ્રમાણે કરવા માટેની દરખાસ્ત હવે સરકારમાં પ્રોસેસ શરૂ કરી રહ્યા છીએ. આ વાતને સાત વર્ષ જેટલો લાંબો સમય થયો હોવા છતાં આ અંગે સમિતિને કોઈ જાણ કરવામાં આવી નથી. આ બાબતમાં આખરી શી પરિસ્થિતિ છે તેની સમિતિને જાણ કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૮ | ૪૨ | સમિતિએ તત્સમયે ભલામણ કરી હતી કે ઉત્પાદન પત્રકનું વાર્ષિક ઉત્પાદન મેળવણી પત્રક સાથે ફરજીયાતપણે ઉલટ ખરાઈ થાય તે માટે સરકારે સ્થાયી સૂચનાઓ પ્રસિદ્ધિ કરવી અને તેનું ચુસ્તપણે પાલન થાય તે સુનિશ્ચિત કરવું. આવી સ્થાયી સૂચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવી છે કે કેમ તેની |

| ક્રમ | ફકરા નંબરનો સંદર્ભ | નિરિક્ષણો/તારણો/ભલામણોનો ટૂંકસાર |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| | | સમિતિને જાણ કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૯ | ૪૩ | આથી પી એન્ડ જી રૂલ્સ ૧૩(૨) માં ખાસ જોગવાઈ મુજબ રાજ્ય સરકારે કેન્દ્ર સરકારની પૂર્વ મંજૂરીથી જમીન મહેસૂલના દર થી વધે નહિ તે મુજબના દરે સરફેસ ભાડા આકારી શકવાના અધિકારો પ્રાપ્ત કરવા તેમજ ઉક્ત જોગવાઈ રાજ્ય સરકારના ભાડા વસૂલવા અંગેના બંધારણીય અધિકારોથી વિપરીત હોય તો તેના વાયરસ ચેલેન્જ કરીને પણ કાયદાકીય હકો પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો. આ સંદર્ભે કાયદાકીય સલાહ પ્રાપ્ત ન થાય તો કેન્દ્ર સરકાર સામેના રાજ્યના પડતર પ્રશ્નોમાં આ મુદ્દાનો સમાવેશ કરીને તાત્કાલિક કેન્દ્ર સરકાર રાજ્ય સરકારને આ અંગેનો સરફેસ ભાડાના દર વધારવાની પૂર્વમંજૂરી આપે તે માટે પ્રયત્નો કરવા સમિતિએ બેઠક વખતે ભલામણ કરી હતી. આ બાબતમાં આખરી પરિસ્થિતિની સમિતિને જાણ કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૧૦ | ૪૪ | આથી સરકારે નિયામક, પેટ્રોલિયમ કચેરીને અલાયદો સ્ટાફ ફાળવી કચેરીનું સશક્તિકરણ કરીને ભાડાપટ્ટાનું સમયાંતરે નિરિક્ષણ થાય તે સુનિશ્ચિત કરવા સમિતિએ બેઠક વખતે ભલામણ કરી હતી. આ બાબતમાં શી |

| ક્રમ | ફકરા નંબરનો સંદર્ભ | નિરિક્ષણો/તારણો/ભલામણોનો ટૂંકસાર |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| | | કાર્યવાહી કરવામાં આવી તેની સમિતિને જાણ કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૧૧ | ૪૫ | સમિતિએ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા, ભારત સરકારની માર્ગદર્શિકા તેમજ તા.૦૪/૦૫/૨૦૧૬ના રોજના ગુજરાત હાઈકોર્ટના નિર્ણયને ધ્યાને લઈ સરકાર પોતાનું હિત તેમજ માઇનર મીનરલ્સ ધરાવતી જમીનોના માલિકોને ઓછી અડચણ પડે અને પારદર્શક તેમજ સરળતાથી માઈનીંગ થઈ શકે તે માટે યોગ્ય નિયમો અને કાર્યપદ્ધતિ નકકી કરવાની સંપૂર્ણ પ્રક્રિયા ત્રણ મહિનામાં પૂર્ણ કરવા તેમજ આ નિયમોમાં રાજ્યના આદિવાસીઓનું હિત જળવાય તે પ્રકારે સમતા અને પેસા કાયદા અંગેના સુપ્રિમ કોર્ટના નિરીક્ષણોને ધ્યાને લઈ યોગ્ય જોગવાઈ/ નિયમો સામેલ કરવા ભલામણ કરી હતી. આ બાબતે શી કાર્યવાહી કરવામાં આવી તેની સમિતિને જાણ કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૧૨ | ૪૬ | સમિતિએ સખત નારાજગી વ્યકત કરી હતી અને ભલામણ કરી હતી કે વિભાગ દ્વારા આ કેસમાં રોયલ્ટી વસૂલવાની કાર્યવાહી વહેલી તકે પૂર્ણ કરવામાં આવે. આ બાબતમાં થયેલ કાર્યવાહીની સમિતિને જાણ કરવા સમિતિ ભલામણ કરે છે. |

| ક્રમ | ફકરા નંબરનો સંદર્ભ | નિરિક્ષણો/તારણો/ભલામણોનો ટૂંકસાર |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧૩ | ૪૭ | આથી સમિતિ ભલામણ કરે છે કે આ બાબતમાં જે અધિકારી/કર્મચારી સંકળાયેલ હોય તેની જવાબદારી નકકી કરવામાં આવે અને ખાતાકીય રાહે સખ્ત શિક્ષાત્મક પગલાં ભરવામાં આવે. વધુમાં વિભાગ એવુ તંત્ર પણ ઉભુ કરે કે જેથી રોયલ્ટીના જે દર વસૂલવામાં આવે છે તેમાં સરતચૂક, ગેરરીતિ કે અન્ય બાબતથી સરકારની તિજોરીમાં થતી આવકને વિપરીત અસર થાય નહી. |

## પરિશિષ્ટ –૧

## સન ૨૦૦૮–૦૯ના વર્ષ માટેના મતપાત્ર અનુદાન/બિન મતપાત્ર

## વિનિયોગ પર વધારો દર્શાવતું પત્રક

## ભાગ–૧ મહેસૂલ મતપાત્ર

### ક. મહેસૂલ મતપાત્ર અનુદાન પર વધારો

| અનુક્રમ | માગણી નં. અને મુખ્ય સદર | મતપાત્ર અનુદાન પરના વધારાને વિનિયમિત કરવાની રકમ |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૧. | **કૃષિ અને સહકાર વિભાગ**<br>(૧) ૫–સહકાર | <br>૧,૮૧,૭૭,૦૦૦ |
| ૨. | **શિક્ષણ વિભાગ**<br>(૩) ૮– શિક્ષણ વિભાગ<br>(૪) ૯– શિક્ષણ | <br>૧૩,૦૮,૦૦૦<br>૯૨,૬૭,૬૬,૦૦૦ |

| અનુક્રમ | માગણી નં. અને મુખ્ય સદર | મતપાત્ર અનુદાન પરના વધારાને વિનિયમિત કરવાની રકમ |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૩. | **ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**<br>(૫) ૧૩–ઊર્જા પરિયોજનાઓ | ૬૬,૯૮,૭૩,૦૦૦ |
| ૪. | **અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ**<br>(૬) ૨૧– અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ<br>(૭) ૨૨– નાગરિક પુરવઠો<br>(૮) ૨૩–અન્ન | ૭,૩૪,૦૦૦<br>૬૧,૦૦,૦૦૦<br>૧૯,૨૯,૦૦૦ |
| ૫. | **વન અને પર્યાવરણ વિભાગ**<br>(૯) ૨૬–વન | ૨૧,૨૭,૦૦૦ |
| ૬. | **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**<br>(૧૦) ૩૮– આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ<br>(૧૧) ૩૯– તબીબી અને જાહેર આરોગ્ય<br>(૧૨) ૪૧– આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લગતું અન્ય ખર્ચ | ૪,૭૫,૦૦૦<br>૧૬,૧૫,૫૪,૦૦૦<br>૯૪,૦૦૦ |
| ૭. | **ગૃહ વિભાગ**<br>(૧૩) ૪૩– પોલીસ<br>(૧૪) ૪૪– જેલો | ૨૦,૪૪,૦૫,૦૦૦<br>૨૪,૩૪,૦૦૦ |

| અનુક્રમ | માગણી નં. અને મુખ્ય સદર | મતપાત્ર અનુદાન પરના વધારાને વિનિયમિત કરવાની રકમ |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૮. | **વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**<br>(૧૫) ૬૨– વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ | ૮,૩૦,૦૦૦ |
| ૯. | **નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**<br>(૧૬) ૬૬–સિંચાઈ અને ભૂમિ સંરક્ષણ | ૬,૯૮,૨૧,૦૦૦ |
| ૧૦. | **પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**<br>(૧૭) ૭૩– પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને લગતુ અન્ય ખર્ચ | ૭૮,૩૩,૩૭,૦૦૦ |
| ૧૧. | **મહેસૂલ વિભાગ**<br>(૧૮) ૭૯– કુદરતી આપત્તિઓ અંગે રાહત<br>(૧૯) ૮૦–ડાંગ જિલ્લો | ૮,૦૯,૪૭,૦૦૦<br>૨૯,૦૦,૦૦૦ |
| ૧૨. | **માર્ગ અને મકાન વિભાગ**<br>(૨૦) ૮૬–માર્ગ અને પુલ<br>(૨૧) ૮૭–ગુજરાત પાટનગર બાંધકામ યોજના | ૪૮,૨૭,૮૯,૦૦૦<br>૪,૦૭,૦૦૦ |

| અનુક્રમ | માગણી નં. અને મુખ્ય સદર | મતપાત્ર અનુદાન પરના વધારાને વિનિયમિત કરવાની રકમ |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૧૩. | **શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ**<br>(૨૨) ૧૦૪– શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને લગતું અન્ય ખર્ચ | ૧,૦૦૦ |
| | **કુલ સરવાળો** | **૩૪૧,૭૦,૦૮,૦૦૦** |

## ભાગ–૨ મહેસૂલ બિન–મતપાત્ર

## ખ. મહેસૂલ–બિન–મતપાત્ર અનુદાન પર વધારો

| અનુક્રમ | માગણી નં અને મુખ્ય સદર | બિન–મતપાત્ર અનુદાન પરના વધારાને વિનિયમિત કરવાની રકમ |
|---|---|---|
| (૧) | **મહિલા અને બાળવિકાસ વિભાગ**<br>(૦૧) ૧૦૬– મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ | ૧૨,૦૦૦ |
| | **કુલ સરવાળો** | ૧૨,૦૦૦ |

## ભાગ–૩ મૂડી–મતપાત્ર

## ગ. મૂડી મતપાત્ર અનુદાન પર વધારો

| અનુક્રમ | માગણી નં અને મુખ્ય સદર | બિનમતપાત્ર અનુદાન પરના વધારાને વિનિયમિત કરવાની રકમ |
|---|---|---|
| (૧) | **માહિતી અને પ્રસારણ વિભાગ**<br>(૧) ૫૫– માહિતી અને પ્રસારણ વિભાગને લગતું અન્ય ખર્ચ | ૨,૪૩,૯૭,૦૦૦ |

| અનુક્રમ | માગણી નં અને મુખ્ય સદર | બિનમતપાત્ર અનુદાન પરના વધારાને વિનિયમિત કરવાની રકમ |
|---|---|---|
| **(૨)** | **શ્રમ અને રોજગાર વિભાગ**<br>(૨) ૫૮– શ્રમ અને રોજગાર વિભાગને લગતું અન્ય ખર્ચ | ૨,૭૭,૦૦૦ |
| **(૩)** | **માર્ગ અને મકાન વિભાગ**<br>(૩) ૮૬– માર્ગ અને પુલ | ૨,૮૬,૯૨,૦૦૦ |
| | **કુલ સરવાળો** | **૫૩,૩૬૬,૦૦૦** |

## ભાગ–૪ મૂડી–બિન મતપાત્ર

## ધ. મૂડી બિન મતપાત્ર અનુદાન પર વધારો

| અનુક્રમ | માગણી નં અને મુખ્ય સદર | બિનમતપાત્ર અનુદાન પરના વધારાને વિનિયમિત કરવાની રકમ |
|---|---|---|
| **(૧)** | **મહેસૂલ વિભાગ**<br>(૧) ૮૧– વળતર અને સોંપણી | ૧,૫૦,૦૦૦ |
| | **કુલ સરવાળો** | **૧,૫૦,૦૦૦** |

---------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.